હરિ ૐ આશ્રમ પ્રેરિત

# જંગલ જાગી ગયું રે લોલ

ઇન્દુ પુવાર



ગુજરાતી સાહિત્ય પરિષદ,
અમદાવાદ

હરિ ૐ આશ્રમ પ્રેરિત

શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા

પુસ્તક અઢારમું

# જંગલ જીવી ગયું રે લોલ

ઇન્દુ પુવાર

ગુજરાતી સાહિત્ય પરિષદ : અમદાવાદ

પ્રકાશક :
રઘુવીર ચૌધરી,
મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ – ૩૮૦૦૦૯

© સરલા પુવાર

પ્રથમ આવૃત્તિ : ૧૯૭૯ : પ્રત : ૧૧૦૦ ☐ મૂલ્ય રૂ. ૩-૫૦

આવરણ : રજની વ્યાસ

[ આ નાટકનો કોઈપણ પ્રકારનો ઉપયોગ કરતાં પહેલાં લેખકની લેખિત સંમતિ લેવી આવશ્યક છે.
સરનામું : ઇન્દુ પુવાર, ૬/૧૧, ગુર્જર ફ્લેટ્સ, નવા વાડજ રોડ, અમદાવાદ–૩૮૦૦૧૩ ]

**પ્રથમ ભજવણી** : તા. ૨૦-૧૦-'૭૮, દિનેશ હૉલ,
દીપા, ચિરાગ, રાણક, કેતન, વગેરેએ ભાગ લીધો હતો.

**લેખકનાં અન્ય પુસ્તકો** : * **કિન્તુ** (કાવ્યસંગ્રહ) * **ફક્કડ ગિરધારી** (એકાંકી સંગ્રહ) * **સાબરમતી** (રમેશ શાહ સાથે સંપાદન)
* **હવે પછી :** * **ઝૂનઝૂનઝૂ ખુલ્લાખૂ** (બાળનાટક)
* **વાંકો વિસ્તાર** (કાવ્યસંગ્રહ)

મુદ્રક :
કાન્તિભાઈ મ. મિસ્ત્રી,
આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ – ૩૮૦૦૦૧

# પ્રવૃત્તિનો આલેખ

તમે જો અમદાવાદમાં હોવ અથવા અમદાવાદ મુકામે આવ્યા હોવ, સાંજે ૭ એક વાગ્યે સમય મળે અને ઉસમાનપુરા ચારરસ્તાથી સરદાર કોલોની તરફ જતા હોવ અને અચાનક ક્યાંકથી હસવાના, રડવાના, ચીસાચીસ કરી મૂકવાના અવાજો જો સાંભળો તો અચૂક ત્યાં આવજો. આવ્યા પછી જોશો તો ચાલીસથી પચાસ બાળકોના અવાજો, એમના અંગમરોડ, એમની નાટય કસરતો, કવાયતો, અને એમના ચહેરા પરના ચિત્ર–વિચિત્ર ભાવો જોઈને તમારો કલાક સુધરી જશે. બે વર્ષથી ચાલતા 'લીટલ'નો આ નકશો છે, બે વર્ષથી ચાલતા 'લીટલ'ની પ્રવૃત્તિનો આછો આલેખ છે; 'લીટલ થીએટર'માં આવતાં બાળકો સાથે નાટય કસરતો થાય, એકાદ વાર્તા બનાવી કાઢી કહેવાય, એ વાર્તાને દશ્યમાં વહેંચી કાઢવામાં આવે,–એટલે કે ઇમ્પ્રુવાઈઝ કરવામાં આવે, એમ કરતાં કરતાં સળંગ નાટકની રચના થાય. 'જંગલ જીવી ગયું રે લોલ' એ જ રીતે લખાયેલ–ભજવાયેલ નાટક છે. 'લીટલ થીએટર'ની મારી પ્રવૃત્તિનું પ્રત્યક્ષ પરિણામ એટલે આ નાટક.

અમ. મ્યુ. કોર્પોરેશને સવા શતાબ્દિ મહોત્સવ ઉજવેલો. એ વખતે મને પૂછવામાં આવેલું કે તમે ઉત્તમ બાળનાટક કોને કહો છો ? ત્યારે મેં જવાબ આપેલો કે જો બાળ–પ્રેક્ષકોને આખા નાટક દરમિયાન એકાદ ક્ષણ માટે પણ કંટાળો ના આવે અને મજા, મજા બસ મજા પડે એ મારે મન શ્રેષ્ઠ બાળનાટક છે. 'જંગલ'ની ભજવણી વખતે બાળકોને ખુરશીમાં ઉછળતાં, ખડખડાટ હસતાં, રાક્ષસથી ભય પામતાં, નાચતા, હાજી–નાજી સાથે તાલ મેળવતાં મેં જોયાં છે. મારે મન આ જ નાટકની સિદ્ધિ છે. વિવેચકોની મને ખબર નથી.

ગુજરાતનાં બાળકોને આ નાટક ગમશે, રસ પડશે તો મારો પ્રયત્ન સફળ થયો છે એમ હું માનીશ.

આભાર, ગુજરાતી સાહિત્ય પરિષદનો, આભાર, શ્રી રઘુવીર ચૌધરીનો, જેમણે હંમેશાં મારામાં રસ લીધો છે.

તા. ૧૩–૧૨–'૭૯ — ઇન્દુ પુવાર

૬/૧૧, ગુર્જર ફ્લેટસ
નવાવાડજ રોડ, અમદાવાદ–૧૩

## અર્પણ

* ચિ. તપસ્વી, ચિ. નિમિત્ત
તેમજ
* 'લીટલ થીએટર'ના બાળકોને

□

## શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા

**પુસ્તક અઢારમું**

શ્રી હરિ ૐ આશ્રમ તરફથી ગુજરાતી સાહિત્ય પરિષદને રૂપિયા બાર હજારનું દાન બાળકોમાં અભય, ઔદાર્ય, ત્યાગ, ધર્મ, તિતિક્ષા, સહાયવૃત્તિ, મંતાતરક્ષમા, સાહસ, શૌર્ય, પ્રેમ, સહભાવ, આદિ ઉદાત્ત ગુણો અને ભાવનાઓ પ્રેરે એવી આકર્ષક શૈલીમાં લખાયેલી વાર્તાઓ, ચરિત્રો કે કથાકાવ્યો પ્રકટ કરવા માટે આપવામાં આવ્યું છે. નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા શ્રેણીમાં શ્રી ઇન્દુ પુવાર લિખિત **'જંગલ જીવી ગયું રે લોલ'** પ્રસિદ્ધ કરતાં અમને આનંદ થાય છે.

અમારાં આગળનાં પ્રકાશનોની પેઠે આ પુસ્તિકા પણ સૌને ગમશે એવો વિશ્વાસ છે.

મંત્રીઓ

તા. ૧૩-૧૨-'૭૯ ગુ. સા. પરિષદ

□

# જંગલ જીવી ગયું રે લોલ

## દૃશ્ય : ૧

[ પહેલું દૃશ્ય – છોકરાં રમે છે તે – સાદા કર્ટન પર ભજવી શકાય. દૃશ્ય શરુ થાય છે, ત્યારે નિશાળનો ઘંટ વાગે છે. છોકરાં બધાં સ્ટેજ પર આવી સામસામે ઊભાં રહી ગાતાં ગાતાં નાચે છે. ]

બધા : ચાલો ચાલોને બાળ સૌ રમવાને
વનવાડી બગીચે ભમવાને
લાલપીળાં પતંગિયાં ઊડે છે
આજ આપણાં હૈયાં કૂદે છે
ચાલો ચાલોને બાળ સૌ રમવાને.

[ પછી જૂદી જૂદી જાતની – નાટ્ય કસરતો બાળકો કરે, જેવી કે ફોકસની, મશીનની, દર્પણની. ત્યારબાદ એ જૂથ પડી પાકવા માંડે ત્યાં રમેશ નામનો છોકરો વચ્ચે ઊભો રહી બોલે— ]

રમેશ : આજે સૌ પહેલો હું પાકીશ.

બધાં : ના ચાલે ભઈ ના ચાલે
એવી અંચઈ ના ચાલે.

રમેશ : કેમ ? હું કોઈ દિવસ પહેલો ના પાકું ?

કિશોર : પાકયા, પાકયા તું શેનો પાકતો'તો ?

રમેશ : સાલા, સુવ્વર, તને વચ્ચે બોલવાનું કોણે કહ્યું'તું? આજે તારી જીભ ખેંચી ના કાઢું તો મારું નામ રમેશ નહીં, હા.

કિશોર : ખેંચ્યા ખેંચ્યા હવે, મોટી જીભ ખેંચવા-વાળી ના જોઈ હોય તો!

રમેશ : (કોઈપણ એકટરની એકટીંગ કરતાં) અચ્છા તુજે દેખના હૈ? આજ તુજે મજા ચખાઉંગા.

બધાં : ના ચાલે ભઈ ના ચાલે
સિનેમાની એકટીંગ ના ચાલે.

રમેશ : (હસતાં) હા હા હા... આજ તુને મુજે લલકારા હૈ લેકિન... (એમ કહી કિશોરને મારે છે.)

મોહન : (વચ્ચે પડતાં) રમેશ, રમેશ તું રોજ કેમ લડાઈ કરે છે?

રમેશ : અરે, ઓ મોહનિયા, તુજે કયા કહેના હૈ?

બધાં : ના ચાલે ભઈ ના ચાલે
દાદાગીરી કોઈની ના ચાલે.

મોહન : રમેશ, રમેશ આપણે બધા રોજ નિશાળેથી છૂટયા પછી અહીં ભેગા થઈને રમીએ છીએ ને રોજ તું લડાઈ કરતો હોય છે.

રમેશ : સાલાઓ, તમે બધા એક થઈ ગયા છો અને મને એકલો પાડી નાખ્યો છે પછી હું લડાઈ ના કરું ?

બધાં : કાઢી મૂકો ભઈ કાઢી મૂકો
રમેશિયાને કાઢી મૂકો.

રમેશ : હા, હા, કાઢી મૂકો. લેકિન યાદ રખના, મેં તુમ સબકો દેખ લૂંગા, હા.

બધાં : હો ઓ ઓ, હો ઓ ઓ...

મોહન : શાંત થાવ, શાંત થાવ. એમ રમેશની સામે બૂમાબૂમ ના કરો. એમાં એનોય વાંક નથી. આપણો જ વાંક છે. આ તો રાજા મંગળસિંહના દીકરા બુધકુમાર જેવો ન્યાય થયો કહેવાય. આપણાથી વાંકગૂના વગર રમેશને કાઢી ના મૂકાય.

બધાં : વારતા રે વારતા
મોહન કે તો વારતા.

મોહન : હા, હું વાર્તા કહું છું પણ એક શરત, તમારે બધાએ રમેશને માફ કરી દેવાનો, બોલો મંજૂર ?

બધાં : મંજૂર, મંજૂર તું કહે એ બધું મંજૂર.

મોહન : તો સાંભળો. એક હતો રાજા. એનું નામ મંગળસિંહ. એને ત્રણ રાજકુમારો હતા. સૌથી મોટાનું નામ રવિરાજ, સૌથી નાનાનું નામ સોમરાજ અને વચોટ કુમારનું નામ બુધરાજ હતું. સૌથી મોટો રાજાને વહાલો હતો. સૌથી નાનો મહારાણીને વહાલો હતો. બિચારો બુધ કોઈને વહાલો હતો નહીં. એ આખો દિવસ પોતાના બે મિત્રો હાજી—નાજી સાથે અહીંતહીં ફર્યા કરતો. એક દિવસની વાત છે. રવિરાજ અને સોમરાજ બંને લડતા હતા...

[લાઈટ ફેઈડ આઉટ થાય. ફરીથી પ્રકાશ આવે ત્યારે સ્ટેજ ઉપર મહેલનો પડદો હોય, વચ્ચે બે સિંહાસન હોય ને રવિ, સોમ એકબીજાની સામે ઊભા હોય છે.]

રવિ : જો સોમ આજે તને હરાવી ના દઉં તો મારું નામ રવિ નહીં.

સોમ : હરાવ્યા, હરાવ્યા. તને હરાવી ના દઉં તો મારું નામ સોમ નહીં.

રવિ : જોવું છે? આવી જા. (તલવાર ખેંચી)

સોમ : (સામે તલવાર ખેંચતાં) આવી જા.

રવિ : સોમ, આજે તારો ખેલ ખલાસ થઈ જવાનો.

સોમ : રવિ! આજ તું ઉપર પહોંચી જવાનો.

રવિ : તલવાર મારી ચકચકે છે.

સોમ : લોહી તારું ચાખવા.

[એમ કહી બંને જણા લડવા માંડે, ત્યાં બુધ પોતાના બે મિત્રો હાજી–નાજી સાથે આવી પહોંચે છે.]

બુધ : હાજી સિક્કો ઉછાળી જો તો કોણ જીતશે? રવિરાજ કે સોમરાજ?

હાજી : બોલ નાજી કોણ જીતશે, રવિરાજ કે સોમરાજ?

નાજી : સોમરાજ

હાજી : રવિરાજ

નાજી : સોમરાજ

હાજી : રવિરાજ

[આ આખી વાત બંને જણાં નૃત્ય કરતાં કરે, લડતા હોય એ રીતે]

બુધ : ચૂપ. બંધ કરો.

રવિ : ચાલ સોમ, આ બુધ એના લશ્કર સાથે આવી પહોંચ્યો છે, ચાલ આપણે બીજે જઈને લડીએ.

સોમ : મોટો રાજકુમાર થયો છે, કશી ખબર તો પડતી નથી. કેવા માણસો સાથે ફર્યા કરે છે, છી.

રવિ : ચાલ, એટલે આપણે બહાર જઈને લડીએ.

સોમ : હા, હા, ગમે ત્યાં ચાલને પણ આજે તને હું નહીં છોડું.

[ બંને જણાં લડતા લડતા બહાર જાય છે. ]

બુધ : બોલ હાજી, બહાર લડતાં કોણ જીતશે ?

હાજી : ( સિક્કો ઉછાળી ) રવિરાજ

નાજી : સોમરાજ

[ ફરી પાછું એમ બે ત્રણ વાર બોલે ત્યાં... ]

બુધ : ચૂપ હાજી-નાજી. રવિ-સોમનો વિચાર કરી લીધો. હવે આપણે આજે ક્યાં જવાનું છે, એના માટે સિક્કો ઉછાળો જે.

હાજી : બોલ નાજી આપણે આજે ક્યાં જઈશું,
જંગલમાં કે નગરમાં?

નાજી : નગરમાં

હાજી : જંગલમાં

નાજી : નગરમાં

હાજી : જંગલમાં

બુધ : ચૂપ. જૂઓ પેલા બંને અહીં પાછા આવી
રહ્યા છે.

[ રવિ–સોમ લડતા લડતા અંદર આવે છે. ]

રવિ : તલવાર મારી ચકચકે છે.

સોમ : લોહી તારું ચાખવા.

રવિ : ધરતી ધ્રુજે મુજ ચાલથી.

સોમ : તું ધ્રુજે મુજ હાકથી.

હાજી : નાજી! આંખો બંધ કર વીરા!

નાજી : કેમ હાજી વીરા?

હાજી : કેમ કે રાજાજી પધારી રહ્યા છે.

નાજી : ખોટ્ટું, રાણીજી પધારી રહ્યાં છે.

હાજી : રાજાજી

નાજી : રાણીજી

બુધ : ચૂપ. બંને જણાં આવી રહ્યાં છે.

સિપાહી : સોનેકી છડી, રૂપેકી મશાલ, જરિયનકા જામા, મોતિયનકી માલા, રાજાધિરાજ મંગલસિંહજી અને મહારાણીબા પધારી રહ્યાં છે.

[રાજા-રાણીનો પ્રવેશ થાય છે. બંને કુમારોને લડતા જોઈને રાજા પ્રસન્ન થાય છે. પછી બુધને જોઈ મોઢું બગાડે છે.]

મંગલસિંહ : શાબાશ કુમારો! રાજાના પુત્રોને છાજે એ રીતે જ તમે બંને લડી રહ્યા છો. વાહ રવિરાજ! શું તારી તલવાર ચાલે છે!

મહારાણી : મહારાજ! સોમની તલવાર પણ ઝડપભેર ચાલે છે, હાં કે!

મંગલસિંહ : પણ રવિરાજની તુલના થાય એવી નથી.

મહારાણી : એ તો મહારાજ, આપને રવિ ઉપર વધારે હેત છે એટલે.

મંગલસિંહ : અને તમને મહારાણી, સોમ વધારે વહાલો છે.

મહારાણી : મહારાજ સોમ તો સોમ છે.

મંગલસિંહ : પરન્તુ મહારાણી આ બુધને જુઓ. બસ આખો દિવસ એના આ વિદુષકો જોડે ભટકયા કરે છે. એનામાં જરાય રાજકુમારપણું દેખાતું નથી.

મહારાણી : એમાં દુઃખી થવાની જરૂર નથી, મહારાજ. બુધમાં બહુ બુદ્ધિ નથી, શું થાય? હોય કોઈક પુત્ર જરાક નબળો પણ હોય! તો ય આપની ઇચ્છા હોય તો બુધની કોઈક કસોટી કરી જુઓ.

હાજી : બોલ નાજી, રાજાજી કસોટી કરશે કે નહીં કરે?

નાજી : નહીં કરે.

હાજી : કરશે.

નાજી : નહીં કરે.

મહારાજ : ચૂપ. મારી આગળ આવા ખેલ નહીં ચાલે, સમજ્યા ?

બુધ : પિતાજી! આપ ગમે તે કસોટી મારી લઈ શકો છો. એના માટે હું તૈયાર છું.

રવિ : રહેવા દે રહેવા દે, બુધ. કસોટી–બસોટીમાં તારું કામ નહીં. તું હજી છોકરું કહેવાય, શું સમજ્યો ?

સિપાહી : (પ્રવેશી) મહારાજને ઘણી ખમ્મા! બહાર અમાત્યજી તેમજ સેનાપતિજી પધાર્યા છે.

મંગળસિંહ : એમને અંદર મોકલ.

[સિપાહી બહાર જઈને અમાત્ય તેમજ સેનાપતિને અંદર મોકલે છે.]

અમાત્ય : (નમન કરી) મહારાજનો જય હો.

મંગળસિંહ : બોલો અમાત્ય, અચાનક કેમ આવવું થયું ?

અમાત્ય : એક ચિંતાજનક સમાચાર છે!

સેનાપતિ : હા મહારાજ.

મંગળસિંહ : એવી કઈ ચિંતા રાજ્ય માટે ઊભી થઈ છે, અમાત્ય ?

અમાત્ય : મહારાજ ! આપણા નગરના થોડાક લોકોએ ભેગા મળીને બળવો પોકાર્યો છે!

મંગળસિંહ : શું કહ્યું ? લોકોએ બળવો પોકાર્યો છે ? અને તમે મને પાછા કહેવા આવ્યા છો ? કચડી નાખો એકે એકને.

અમાત્ય : પરન્તુ મહારાજ લોકોના બળવા પાછળનું આપ કારણ તો સાંભળો.

સેનાપતિ : મહારાજ ! એ લોકો કહે છે કે મહારાજ અમને જીવન જીવવા માટે જમીન આપે, નહીંતર અમે રાજયની જમીન લઈ લઈશું.

મંગળસિંહ : લોકોની આ હિંમત? સેનાપતિ સૈનિકોને મોકલી આ બળવો દાબી દો. એક એકને પકડી, મચડી નાખો.

સેનાપતિ : જેવી મહારાજની આજ્ઞા !

રવિ : પિતાજી, અમે જઈએ ? હું અને સોમ સૈન્યની સરદારી લઈશું.

બુધ : લોકોને મારી નાખવાની સરદારી લેશો ?

સોમ : હાસ્તો વળી, લોકો રાજા સામે માથું ઊંચકે એ કેમ ચાલે?

રવિ : જરાય ના ચાલે.

બુધ : પિતાજી, પિતાજી એક વાત કહું?

મંગળસિંહ : તારે શું કહેવું છે, બુધ?

બુધ : આ લોકોને મારી નાખવા કરતાં આપણે એમને જમીન આપીએ તો કેવું? આપણા રાજ્યમાં કેટલી બધી જમીન છે?

મંગળસિંહ : જમીન? ક્યાં છે જમીન? અને લોકો બળવો કરે એટલે એમને તાબે થઈ આપણે જમીન આપી દેવાની?

બુધ : પિતાજી આપણા નગરની નજદિક એક મોટું જંગલ છે, એ જંગલની જમીન આપણે એમને આપી દઈએ તો કેવું?

અમાત્ય : રાજકુમાર! એ જંગલની જમીન આપણા કામમાં આવે એવી નથી.

બુધ : કેમ અમાત્યજી?

અમાત્ય : રાજકુમાર! એ જંગલમાં કોઈ જઈ શકતું નથી. અને જે કોઈ જાય છે એ પાછું આવતું નથી. પછી એ જમીન લોકોને કઈ રીતે આપી શકાય?

મંગળસિંહ : અમાત્ય! બાળકોની વાતો પર ધ્યાન ન અપાય. એમ રાજ્ય ચાલે નહીં. તમે બળવાને દાબી દો એ રાજઆજ્ઞા છે.

રવિ : બુધ તારે લોકોને બચાવવા હોય, લોકો તને વધારે વહાલા હોય તો તું જંગલમાં જઈને જોઈ આવ જા.

સોમ : હા, હા બુધ.

રવિ : એમાં તારી કસોટી પણ થશે.

મહારાણી : રવિ, સોમ બુધ તમારો ભાઈ છે. એને એવા ભયાનક જંગલમાં મોકલાય?

રવિ : એ જવાનો જ નથી પછી માતાજી?

બુધ : પિતાજી! આપ આજ્ઞા આપો તો હું જંગલમાં જઈશ. ત્યાં જઈ, જંગલની

જમીન લોકોને આપી શકાય એ માટે પ્રયત્ન કરીશ.

મંગળસિંહ : બુધ! તારે જવું હોય તો જા પણ તું પાછો જ આવીશ. છોકરાંના ખેલ થોડા છે એ?

મહારાણી : મહારાજ! આપ પણ બુધ કહે છે તેમ હા એ હા કરો છો.

બુધ : ના માતાજી! હવે તો હું જઈશ. મને તો આનંદ છે કે આજ પિતાજી મારી કસોટી લઈ રહ્યા છે. એ કસોટીથી આપણા લોકોનું કલ્યાણ થવાનું છે. ચાલો હાજી–નાજી.

સેનાપતિ : મહારાજ! કુમારને રોકો.

મંગળસિંહ : સેનાપતિ! જવા દો બુધને. ઘણા દિવસે આજે મને આનંદ થાય એવી વાત એણે કરી છે. જા બેટા જા. આજે તું રાજાનો કુંવર છે એમ મને લાગ્યું. જા તને મારા આશીર્વાદ છે.

મહારાણી : પરન્તુ મહારાજ બુધને કંઈ થઈ જશે

તો. એવા ભયંકર જંગલમાં કોણ જાણે કેવાં ય જંગલી પશુઓ રહેતાં હશે?

અંગળસિંહ : મહારાણી! ક્ષત્રિયાણીનું આવું પોચું હૃદય ના હોય. હસતાં હસતાં બુધને વિદાય આપો. એનું કલ્યાણ વાંછો.

રવિ : ને કશું બીક લાગે એવું હોય તો મને અને સોમને બોલાવજે બુધ!

સોમ : હા, હા અમે ય આવીશું. અમારા આવવાથી જ પશુઓ ડરીને ભાગી જશે.

બુધ : ચાલો, હાજી–નાજી. પિતાજી, માતાજી પ્રણામ!

બંને : જાવ દીકરા, અમારા તને આશીર્વાદ છે.

બુધ : હાજી સિક્કો ઉછાળો, આપણે પહોંચીશું ને જંગલમાં?

હાજી : બોલ નાજી, જઈશું જંગલમાં?

નાજી : નહીં જઈએ.

હાજી : જઈશું.

બુધ : ચૂપ, મૂરખાઓ. ચાલો જવાનો સમય થયો.

મહારાણી : આવજે દીકરા! પિતાનું નામ ઉજાળી પાછો આવજે.

બુધ : ચાલો હાજી–નાજી, એ બાજુ નહીં આ બાજુ.

[ ત્રણે જણા જાય છે. ]

રવિ : પિતાજી, અમે બળવો દબાવી દેવા જઈએ?

મંગળસિંહ : ના રવિ, બુધ એ લોકો માટે જમીન લેવા ગયો છે ત્યાં સુધી આપણે રાહ જોઈશું. હા અમાત્ય, બળવાખોરોને આ સમાચાર પહોંચાડશો તો એમનો બળવો આપોઆપ દબાઈ જશે.

અમાત્ય : જેવી મહારાજની આજ્ઞા. હું એ રીતે ઢંઢેરો પીટાવી દઉં છું. આજ્ઞા મહારાજ.

સિપાહી : સોનેકી છડી, રૂપેકી મશાલ, જરિયનકા જામા, મોતીયનકી માલા, મહારાજ મંગળ-સિંહજી અને મહારાણી બા મહેલમાં પધારે છે એ એ એ એ.

[ ને દૃશ્ય પૂરું થાય છે ]

□

## દૃશ્ય : ૨

### સ્થળ : જંગલ

[પ્રકાશ સ્ટેજ પર આવે ત્યારે એક વાંદરો, રીંછ, સસલું બનેલાં બાળકો અહીંતહીં ફરી પોતપોતાની જગ્યાએ પાછાં જતાં રહે, ત્યારબાદ બુધ અને હાજી–નાજી પ્રવેશ કરે છે.]

હાજી : કુમાર! હવે હું આંખો મીંચી દઉં છું.

નાજી : અને હું પણ.

બુધ : પછી સિક્કો કોણ ઉછાળશે?

હાજી : હું બંધ આંખે સિક્કો ઉછાળીશ. પણ આંખો તો નહીં જ ખોલું.

બુધ : પરન્તુ શા માટે તમે આંખો બંધ કરો છો?

હાજી : આવા ભયંકર જંગલમાં તે વળી આંખ ખૂલ્લી રખાતી હશે? નહીં તો, નહીં તો...

[એમ કહેતાં ફફડવા માંડે છે.]

નાજી : અરે હાજી, બોલતાં બોલતાં ફફડે છે કેમ?

હાજી : વાંદરું નાજી વાંદરું.

નાજી : વાંદરાથી તો વળી બીવાતું હશે?

હાજી : અરે નાજી, આ તો વિચિત્ર વાંદરું છે, જો... આંખ ખોલીને જો...

વાંદરું : હુપ, હુપ, શિકાર આવ્યો હૂપ... ખીખીખી ...ખીખી... શિકાર આવ્યો.

નાજી : માર્યા મારી મા. આ તો કહે છે શિકાર આવ્યો, શિકાર આવ્યો. કુમાર...

બુધ : અરે, ભલેને બોલે બોલવા દે. વાંદરું બોલે એટલે ડરાય નહીં, સમજ્યો ?

[ત્યાં બીજા ખૂણામાંથી રીંછ આવીને હાજી–નાજીની પાછળ ઊભું રહે અને હાજી–નાજીના માથે હાથ ફેરવે, બુધ આ જોઈ હસતો હોય છે.]

હાજી : કુમાર, મારે માથે હાથ શું કામ ફેરવો છો? મને ગલીપચી થાય છે.

નાજી : હા કુમાર, મારે માથે પણ શું કામ હાથ ફેરવો છો. મને... મને... ગલીપચી થાય છે.

બુધ : અરે મૂર્ખ શિરોમણીઓ, જરાક આંખ ખોલીને તો જુવો!

[બંને જણાં આંખ ખોલે છે, આંખ ખોલી પાછળ જૂવે છે, રીંછને જોઈ એકદમ કૂદે છે, ફફડે છે.]

હાજી : ઓ મારા બાપ રે...

નાજી : ઓ મારી મા રે...

રીંછ : હજી બીજા કોઈને યાદ કરવા હોય તો કરી લે.

વાંદરું : શિકાર આવ્યો હુપ .... શિકાર આવ્યો.... ખીખીખીખી....

બુધ : (રીંછની સામે, તલવાર કાઢી લડવા દોડતાં) તારે જેને યાદ કરવા હોય તેને યાદ કરી લે. આજ તારી ખેર નથી!

રીંછ : અરે માણસ...પાછો મને ડરાવે છે...?

[એમ કહી બુધને પકડવા દોડે, બુધ ખસી જાય, રીંછ પડી જાય, ઊભું થઈ ફરી પાછું દોડે. હાજી-નાજી આંખ ખોલીને જોતાં કુમારને પાણી ચઢાવે, વાંદરું નજદીક આવી રીંછને પાણી ચડાવે.]

હાજી : શાબાશ કુમાર શાબાશ.

નાજી : લગાવ કુમાર. સાલાને ઊંચકીને ફેંકી દો.

હાજી : શું સમજતું હશે સાલ્લું ?

નાજી : મોટું ના જોયું હોય તો કાલ્લુ તેમાં!

વાંદરું : શાબાશ રીંછભાઈ, જંગલનું પાણી ના જાય. હુપ

[રીંછ અને બુધની લડાઈ બરાબર જામે, અંતે કુમાર તલવારથી રીંછને મારવા જાય, એ જોઈ રીંછ કુમારના પગમાં પડે.]

રીંછ : કુમાર, કુમાર હું તમારે શરણે છું. મને માફ કરી દો કુમાર. હું તમે કહેશો એમ કરીશ. પણ મને છોડી દો કુમાર.

હાજી : નહીં છોડવામાં આવે.

નાજી : હા, હા નહીં છોડવામાં આવે.

બુધ : જા, છોડી દઉં છું. હું રાજકુમાર છું. શરણે આવેલાને રાજપુત્ર છોડી દે છે, સમજ્યું?

રીંછ : કુમારનો જય હો! કુમારનો જય હો.

વાંદરું : કુમારનો જય હો! કુમારનો જય હો.

હાજી : કેમ વાંદરારાજ, તમે તો શિકાર આવ્યો એમ કહેતા'તાને હવે કેમ કુમારની જય બોલાવવા લાગ્યા?

નાજી : એ તો ખાલી ખાલી, કેમ વાંદરારાજ?

વાંદરું : જ્યાં રીંછરાજ, કુમાર આગળ હારી ગયા તો પછી આપણે કોણ?

બુધ : રીંછભાઈ, રીંછભાઈ અમે આ જંગલમાં રહેવા આવ્યા છીએ. બોલો તમે અમને રહેવા દેશો કે નહીં ?

રીંછ : ના કુમાર, તમે આ જંગલમાં રહેશો નહીં.

વાંદરું : નહીંતર આ જંગલનો રાજા તમને ખાઈ જશે.

હાજી : અરે, વાંદરારાજ, કુમાર હોય ત્યાં વળી બીજો રાજા કોણ રહેવાનો હતો ? બોલ નાજી, કુમાર રાજા થશે કે નહીં ?

નાજી : નહીં થાય.

હાજી : અરે થશે.

નાજી : નહીં થાય.

હાજી : થશે.

બુધ : ચૂપ, હાજી–નાજી. મારે રાજા થવું નથી. તમે બંને એ માટે લડો નહીં.

[ હાજી–નાજીને સિક્કો ઉછાળતા જોઈ વાંદરું એમને કહે છે. ]

વાંદરું : અરે હાજી–નાજી, જરા સિક્કો ઉછાળીને એટલું તો જોઈ આપો કે સસલું આવશે કે નહીં આવે.

હાજી : અરે, એમાં શું વાંદરારાજ હમણાં જોઈ આપું. બોલ નાજી, સસલું આવશે કે નહીં આવે.

નાજી : નહીં આવે.

હાજી : આવશે.

નાજી : નહીં આવે.

હાજી : આવશે.

બુધ : ચૂપ. અત્યારે સસલાની ક્યાં વાત કરો છો? તે હેં રીંછભાઈ, આ જંગલનો રાજા કોણ છે?

રીંછ : કુમાર, આ જંગલનો રાજા શનિ નામે રાક્ષસ છે. એના ભયના કારણે કોઈ માણસ આ જંગલમાં આવી શકતો નથી.

વાંદરું : અરે, માણસની ક્યાં વાત કરો છો રીંછરાજ! આપણે બધાં ફફડતાં નથી?

રીંછ : તને વચ્ચે ડહાપણ ડહોળવાનું કોણે કહ્યું'તું સાલા વાંદરા.

વાંદરું : કેમ, જંગલ તમારા બાપનું એકલાનું છે, તે ના બોલીએ?

રીંછ : ઓહ, તને હવે ભાન નથી રહેતું એમને સાલા વાંદરા. લે લેતું જા.

[એમ કહી વાંદરાને મારવા દોડે, વાંદરું છટકે, રીંછ દોડે, હાજી–નાજી બંનેને પાણી ચઢાવે.]

હાજી : શાબાશ રીંછરાજ શાબાશ.

નાજી : શાબાશ વાંદરારાજ શાબાશ.

[આ લડાઈ ચાલતી હોય એ દરમિયાન શનિનું ખડખડાટ હાસ્ય સંભળાય ને પછી અવાજ]

શનિ : (અંદરથી) માણુસ મને ગંધાય. માણુસ ખાઉં, માણુસ ખાઉં.

રીંછ : }
વાંદરું : } નાસો મારા બાપ, શનિ આવ્યો, શનિ.

[એમ કહી સંતાઈ જાય.]

હાજી : નાજી મરી ગયા રે લોલ.

નાજી : હાજી જીવી જશું રે લોલ.

હાજી : શનિ ખાઈ જશે રે લોલ.

નાજી : કુમાર જીતી જશે રે લોલ.

[ત્યાં શનિનો પ્રવેશ થાય છે.]

શનિ : હા હા હા હા હા... માણુસ ખાઉં... માણુસ ખાઉં. ઘણા દિવસ પછી માણુસ ખાઉં... હા હા હા હા...

બુધ : હો હો હો હો હો... રાક્ષસ ખાઉં... રાક્ષસ ખાઉં...

શનિ : મારા ચાળા પાડે છે માણુસ! છે તો ટચલી આંગળી જેવો ને ચાળા પાડે છે? હાહાહા મારી સામે થનારના કેવા હાલ થાય છે ખબર છે?

બુધ : મારી સામે પડનારના કેવા હાલહવાલ થાય છે એની ખબર છે રાક્ષસ?

હાજી : ખબર છે?

નાજી : નથી ખબર?

હાજી : ખબર છે?

નાજી : નથી ખબર?

શનિ : ચૂપ. હૂહૂહૂહૂહૂ..... ત્રણ ત્રણ માણસો. હૂહૂ હૂહૂ...આજ તો મારા કુટુંબને પણ ઉજાણી થશે. ચાલ બચ્ચુ તૈયાર થઈ જા. હૂહૂહૂહૂ....

બુધ : (પોતાની તલવાર કાઢી) ચાલ તૈયાર થઈ જા કચ્છુ! તારા કુટુંબને રડવાનો વારો આવી ગયો છે. હો હો હો હો...

[બંને વચ્ચે થોડીવાર લડાઈ ચાલે, શનિ, કુમારની તલવાર લઈને ફેંકી દે કુમાર પેંતરો બદલી, દોડી રાક્ષસના પેટમાં પોતાનું માથું મારે. પેટમાં માથું વાગવાના કારણે શનિ હસવા માંડે, હસવા માંડે. એને હસતો જોઈ હાજી–નાજી હસવા માંડે.]

હાજી : અરે હસો હસો રાક્ષસકાકા હસો.

નાજી : અરે ભસો ભસો રાક્ષસકાકા ભસો.

શનિ : બસ, કુમાર, બસ. બંધ કર. મારાથી હવે સહન થતું નથી. કુમાર, કુમાર, તું જીત્યો, હું હાર્યો. મને છોડી દે કુમાર. તું કહીશ એમ હું કરીશ. તું મારો માલિક ને હું તારો ગુલામ બની જઈશ પણ મને છોડી દે કુમાર.

બુધ : જાવ રાક્ષસકાકા છોડી દીધા. તમે ગુલામ નહીં પણ અમારા કાકા છો.

શનિ : વાહ કુમાર, તારામાં તો જબરી હિંમત છે.

તારા જેવો હિંમતવાળો બાળક મેં પહેલ-વહેલો જોયો.

હાજી : ત્યારે આ અમારા બુધકુમાર છે, કાકારાજ.

નાજી : જ્યાં જૂવો ત્યાં જય જયકાર છે, કાકારાજ.

શનિ : બેટા બુધકુમાર ! તું અને તારા માણસો આવા ભયંકર જંગલમાં કેમ આવ્યા ? તને બીક ના લાગી ?

બુધ : રાક્ષસકાકા ! આ જંગલને મંગલ બનાવી મારે તમારો જય જયકાર કરવો છે.

શનિ : તું આવું બધું શું બોલે છે કુમાર ? હું તો જંગલી છું, મને એમ કશું સમજાશે નહીં. તારે મને બધું સમજાવવું પડશે.

બુધ : કાકા, મારે આ જંગલને ભય વગરનું બનાવવું છે. આ જંગલમાં કોઈપણ માણુસ, નિર્ભય થઈને આવી શકે એવું કરવું છે.

શનિ : મને તારી આવી બધી વાતોમાં ખબર ના પડે કુમાર ! તું પણ બહાદુર છે. મને

બહાદુરી ગમે છે. તું મારો દીકરો છે. જોજે બરાબર હવે મારા બહાદુર દીકરાનું સ્વાગત થશે. જોજે બેટા.

[ એમ કહી શનિ તાળી પાડે છે. એટલે છ સૈનિકોની ટુકડી ઢીંચુક ઢીંચુક, ઢીંચુક, ઢીંચુક કરતી નૃત્ય કરતી આવે છે. આ જોઈ કુમાર, હાજી–નાજી ખુશખુશ થઈ જાય છે. શનિ ફરી પાછી તાળી વગાડે છે ને ટુકડી અદશ્ય થઈ જાય છે. ]

હાજી : કાકારાજ, કાકારાજ ફરીથી એકવાર બોલાવોને.

નાજી : હા કાકારાજ, ઢીંચુક ઢીંચુક કાકા, ઢીંચુક ઢીંચુક કાકા.

શનિ : કુમાર ! આ વખતે તું તાળી વગાડ અને મારા સૈનિકો દોડતા આવશે.

બુધ : એમ રાક્ષસકાકા ? હું તાળી વગાડીશ ને સૈનિકો આવશે ?

શનિ : હા, હા વગાડ તાળી દીકરા.

હાજી : કાકારાજ, હું તાળી વગાડું તો આવશે ?

નાજી : નહીં આવે.

હાજી : આવશે.

નાજી : નહીં આવે.

હાજી : આવશે.

બુધ : ચૂપ. તમારા વગાડવાથી નહીં, મારા વગાડવાથી આવશે.

[એમ કહી તાળી વગાડે છે. ફરીથી નૃત્ય કરતા સૈનિકો આવે છે. ફરી પાછી તાળી વગાડે છે ત્યાં સૈનિકો જાય છે. એમની પાછળ હાજી–નાજી જાય છે ત્યાં બુધ એમને રોકી–]

બુધ : તમે ક્યાં જાવ છો, હાજી–નાજી?

[બંને ઢીંચુક ઢીંચુક કાકા કરતા પાછા આવે છે.]

શનિ : બેટા બુધકુમાર! આ જંગલમાં તારે રહેવું હોય ત્યાં સુધી રહી શકીશ, હરી શકીશ, ફરી શકીશ. તને કોઈ કશું નહીં કરે.

બુધ : રાક્ષસકાકા! એટલું જ નહીં, આ જંગલની જમીનનો મારે ઉપયોગ કરવો છે. મારે મારા નગરના જમીન વગરના લોકોને આ જમીન આપવી છે. નહીંતર મારા પિતાજી એ બધાંને મારી નાખશે.

શનિ : બેટા બુધ, આ જંગલમાં માણસ આવશે? તો...તો...બેટા આ જંગલ જંગલ નહીં

રહે. આ જંગલમાં રહેતાં પશુઓ, પ્રાણીઓ ક્યાં જશે? એ બધાં માનશે નહીં તો? ના, ના દીકરા બુધ, તો તો અનર્થ થઈ જશે.

બુધ : ના રાક્ષસકાકા, હું એવું નહીં થવા દઉં. હું જંગલને જંગલ જ રહેવા દઈશ. પરંતુ તમારે જંગલની જમીન મારા એ દુઃખી માણસોને આપવી જ પડશે.

શનિ : એ એટલું સહેલું નથી કુમાર! એ માટે મારે બધાં પશુ–પ્રાણીઓને પૂછવું પડશે. હાલ તો હવે હું જાઉં છું. તારે આ જંગલમાં જ્યાં જવું હોય ત્યાં જજે. ભય જેવું લાગે તો તાળી વગાડજે. તારી સેવામાં મારા સૈનિકો હાજર થશે.

બુધ : આવજો રાક્ષસકાકા.

શનિ : આવજે બેટા.

[ શનિ હસતો હસતો ચાલ્યો જાય છે. ]

હાજી : ચાલો, હવે આપણે આગળ જઈએ.

નાજી : અરે, આગળ જવાની વાત જ ક્યાં છે? અરે, અહીં પેટમાં બિલાડાં બોલે છે.

બુધ : ચાલો આપણે ક્યાંક ખાવાનું શોધીએ.

હાજી : અહીં વળી ક્યાં ખાવાનું મળશે?

બુધ : ચાલો તો ખરા, ગમે ત્યાંથી ખાવાનું મળશે ચાલો.

[ ત્રણે જણા જાય છે. ]

[ એમના ગયા પછી રીંછ અને વાંદરું બહાર આવે છે, કે જે સંતાઈ ને બધું સાંભળતાં હતાં. ]

રીંછ : સાંભળ્યું વાંદરભાઈ! હવે અહીં માણસો આવશે.

વાંદરું : મારે શું! હું બીજા જંગલમાં ચાલ્યો જઈશ.

રીંછ : અરે, એમ કંઈ જવાય? માણસને એમ જંગલમાં આવવા ના દેવાય સમજ્યા વાનરભાઈ?

વાંદરું : શનિ જ્યાં માની ગયો ત્યાં આપણું શું ચાલવાનું છે?

રીંછ : હું એવું નહીં થવા દઉં. શનિની ચાવી મારા હાથમાં છે.

વાંદરું : હવે તમે રહેવા દોને બડાશ માર્યા વગર. તમારાથી કશું થશે નહીં ને માણસ આ જંગલમાં આવી રહેવા લાગશે. બાકી આ કુમાર જબરો છે. એ જંગલનો કબજો લઈ લેશે એ વાત નક્કી છે.

રીંછ : ના, એવું નહીં થાય. હું એવું નહીં થવા દઉં...તું જો તો ખરો મારો ખેલ હૂહૂહૂ...

[ એમ હસતાં રીંછ ચાલ્યું જાય છે.
દૃશ્ય પૂરું થાય છે.]

□

## દૃશ્ય : ૩

### સ્થળ : રાજમહેલ

[ મહારાણી ચિંતા મગ્ન સ્થિતિમાં અહીંતહીં ફરતાં હોય છે. ]

મહારાણી : દાસી! કેટકેટલા દિવસ થયા, હજી બુધના કોઈ સમાચાર નથી.

દાસી : મહારાણી બા! મહારાજે કુમારની કોઈ તપાસ કરાવી નથી?

મહારાણી : એમને ક્યાં કશી ચિંતા થાય છે? એમને તો આખો દિવસ બસ એ ભલા અને એમનું રાજ્ય ભલું. દાસી, દાસી મારા બુધને કશું થઈ ગયું હશે તો? એક તો એ સીધો સાદો છે અને ઉપરથી...

દાસી : મહારાણી બા! આપ કુમારની ચિંતા ના કરશો. બુધકુમાર તો ત્રણે કુમારોમાં સૌથી વધારે ચાલાક છે.

મહારાણી : દાસી, ચાલાકીથી જીવ થોડો બચતો હોય છે? મારો ફૂલ જેવો કુમાર કોણ જાણે જંગલમાં ક્યાં ભટકતો હશે? એ શું ખાતો

હશે? એ ક્યાં રહેતો હશે? એને કોઈ જંગલી પ્રાણીએ...

દાસી : એવું અમંગળ ના બોલો મહારાણી બા! ભગવાન જરૂર કુમારની રક્ષા કરશે.

મહારાણી : તો હું શું કરું દાસી? મારું કોઈ સાંભળતું જ નથી.

[એટલામાં રવિ અને સોમ બંને કુસ્તીના દાવ કરતા કરતા અંદર આવે.]

સોમ : આજે તારું કચુંબર કરી ના નાખું તો મારું નામ સોમ નહીં.

રવિ : અરે સોમ, મારા એક મુક્કામાં તું જો ભોંય-ભેગો ના થઈ જાય તો મારું નામ રવિ નહીં, હા.

સોમ : કર્યા, કર્યા. એ માટે તારે બીજો જન્મ લેવો પડશે.

રવિ : તારે ત્રીજો જન્મ લેવો પડશે.

સોમ : તારે ચોથો.

રવિ : તારે પાંચમો.

મહારાણી : ચૂપ થઈ જાવ બંને. રવિ, સોમ તમારે બંનેને આ સિવાય બીજું કોઈ કામ છે ખરું? તમને તમારા ભાઈ બુધની ચિંતા થાય છે ખરી? કેટલા દિવસ થયા હજી એના તરફથી કોઈ સંદેશ મળ્યો નથી ને તમે બસ લડયા કરો છો.

રવિ : તમે નકામી ચિંતા કરો છો માતાજી.

સોમ : બુધને વળી શું થવાનું છે? એ જો બાબરા-ભૂત જેવો પાછો ના આવે તો મને સંભાળજો.

મહારાણી : સોમ! હમણાં હમણાંનો તું નાના મોંઢે બહુ બોલ બોલ કરે છે હાં કે. બુધ ગમે તેવો હોય તોય એ તારો મોટોભાઈ છે, સમજ્યો?

રવિ : માતાજી, સોમ તો છે જ એવો.

સોમ : તો, તું કેવો છે?

રવિ : બસ, બસ. તું કેવો છે?

મહારાણી : ચૂપ રહેશો બેય. તમને એમ થાય છે કે આપણે બુધ જેવું કોઈ કામ કરીએ?

રવિ : બુધ તો ગાંડો છે. ત્યાં જંગલમાં શું કામ ગયો હશે? એમ તે વળી લોકોને જમીન થોડી મળવાની છે? લોકોની ચિંતા આપણે શું કામ કરવાની? અમે કંઈ એના જેવા ગાંડા નથી. ચાલ એય સોમ આવી જા.

સોમ : આવી જા.

[ફરીથી બંને જણા કુસ્તીના દાવ શરુ કરે ત્યાં રાજા પ્રવેશ કરે છે.]

મહારાજા : વાહ રવિ વાહ, શું દાવ લગાવ્યો છે?

મહારાણી : આપે જ બંનેને બહુ ફટવ્યા છે, મહારાજ.

મહારાજા : મહારાણી! રાજાના કુમારો લડવામાં નિપૂણ નહીં થાય તો શું રડવામાં નિપુણ થશે?

મહારાણી : ઘરમાં લડવાથી શું ફાયદો થવાનો છે મહારાજ? બુધ વિશે આપને ક્યારેય ચિંતા થઈ છે ખરી?

મહારાજા : અરે હા, મહારાણી બુધના કશા જ સમાચાર નથી, નહીં? સિપાહી, સિપાહી...

સિપાહી : (પ્રવેશી) આજ્ઞા રાજાધિરાજની.

મહારાજા : જા, જઈને અમાત્યને મોકલ.

સિપાહી : જેવી આજ્ઞા મહારાજાની.

મહારાણી : બસ, જ્યારે કંઈક કહીએ એટલે સીધા અમાત્યને બોલાવશે. અરેરે, મારો નાનકડો કુમાર કોણ જાણે શુંય કરતો હશે...

મહારાજા : મહારાણી, મહારાણી, હું બુધની તપાસ કરાવું છું, પછી આ આંસુ શા માટે? અરે હા રવિ, સોમ, તમે બંને જંગલમાં બુધની શોધખોળ કરવા જાવ તો કેવું?

મહારાણી : મહારાજ એકને મોકલી ને નથી ધરાયા તે આ બંને કુમારોને પાછા મોકલો છો? મોકલો તમારા સૈનિકોને. આ બંનેને હું નહીં જવા દઉં.

સિપાહી : મહારાજા, અમાત્યજી પધાર્યા છે.

મહારાજા : આવવા દે એમને.

અમાત્ય : (પ્રવેશી, નમન કરી) મહારાજને ઘણી ખમ્મા. મને કેમ યાદ કર્યો મહારાજ?

મહારાજા : અમાત્ય, ઘણા દિવસ થયા બુધના કશા સમાચાર નથી.

અમાત્ય : આપ આજ્ઞા કરો તો મહારાજ હું થોડાક સૈનિકો મોકલી કુમારની શોધ કરાવડાવું.

મહારાજા : ના અમાત્ય, મારી ઇચ્છા છે કે રવિરાજ અને સોમરાજ અને એક અંગરક્ષકને બુધની શોધ માટે મોકલી આપો.

અમાત્ય : જેવી આજ્ઞા મહારાજની.

મહારાણી : મહારાજ, આપ આપનું ધાર્યું જ કરવાના !

મહારાજા : મહારાણી ! રવિ અને સોમમાં કેટલી તાકાત છે, એની કસોટી કરવા માટે પણ એમને બુધની શોધ માટે મોકલવા જોઈએ.

મહારાણી : મહારાજ ! જો આ બંને કુમારોને કંઈ થયું તો ધ્યાન રાખજો હું જાતે એ જંગલમાં જઈ મારો જીવ આપીશ.

અમાત્ય : સિપાહી, જા જઈને અંગરક્ષકને બોલાવી લાવ.

સિપાહી : જી, અમાત્યજી.

મહારાજા : મહારાણી! રાજપુત્રોને હસતાં હસતાં વિદાય આપો.

રવિ : અરે અમે આમ ચપટીમાં બધાને ચોળી નાખીશું.

સોમ : હા માતાજી, અમારી આગળ કોઈનું કશું ચાલશે નહીં.

રવિ : એમ છે સોમ તો થઈ જાય એક દાવ.

સોમ : થઈ જાય રવિ, આવી જા.

મહારાજા : બસ, બસ. રવિ–સોમ, તમારી શક્તિ જંગલમાં બતાવજો અહીં નહીં.

અંગરક્ષક : (પ્રવેશી) આજ્ઞા મહારાજા.

અમાત્ય : આ બંને કુમારોની સાથે તમારે જંગલમાં જવાનું છે અંગરક્ષક, સમજ્યા? ત્યાં જઈ બુધકુમારને શોધી પાછા આવવાનું છે.

અંગરક્ષક : પધારો કુમારો, આપણે જંગલ તરફ પ્રસ્થાન કરીએ.

રવિ/સોમ : માતાજી, પિતાજી પ્રણામ. અમને આશીર્વાદ આપો, અમે જઈએ છીએ

મહારાજા : વિજયી થઈ વહેલા પાછા આવજો કુમારો.

મહારાણી : હા બેટા, જલ્દી જલ્દી બુધને લઈ પાછા આવજો.

મહારાજા : ચાલો અમાત્ય, આપણે મહેલ બહાર જઈ કુમારોને વિદાય આપીએ.

અમાત્ય : પધારો મહારાજ.

[ બધા જાય છે, રાણી અને દાસી એકલાં પડે છે. ]

મહારાણી : દાસી, દાસી, મારા કુમારોનું શું થશે ?

દાસી : ચિંતા ના કરો મહારાણી બા, ભગવાન એમનું રક્ષણ કરશે.

મહારાણી : દાસી, આ ત્રણેમાંથી કોઈને ય કશું થશે તો હું મારો જીવ આપી દઈશ, દાસી, જીવ આપી દઈશ.

દાસી : મહારાણી બા, આવું અશુભ ન બોલો.

મહારાણી : બેટા બુધ, રવિ, સોમ...બુધ ક્યાં છે તું બેટા ?...રવિ....સોમ...

[ દશ્ય પૂરું થાય છે. ]

□

## દ્રશ્ય : ૪

સ્થળ : જંગલનો એક ભાગ.

[ રાજકુંવરી, પ્રધાનપુત્રી, નગરશેઠની પુત્રી, સેનાપતિની પુત્રી અને દાસી જંગલમાં ગાતાં ગાતાં પ્રવેશ કરે છે. ]

બધાં : અમે જંગલમાં જઈશું રાજ
કે અમે જંગલમાં ભમશું રાજ.
જંગલ અમારું, અમે જંગલનાં
મોજ કરીને હરશું ફરશું રાજ,
કે અમે જંગલમાં જઈશું રાજ.

રાજકુંવરી : અરે વાહ, સોહિણી કેવું સુંદર મજાનું જંગલ છે નહીં ? અહીં ના આવ્યાં હોત તો કેવું કેવું જોવાનું રહી જાત નહીં સખી ?

સોહિણી : હા, કુંવરીબા, કેવાં મજાનાં પતંગિયાં ઊડે છે ?

લીલા : અને સખી, કેવા સુંદર સુંદર અવાજો આવે છે ?

રાજકુંવરી : અરે, દાસી આપણા સૈનિકો ક્યાં ગયા ?

દાસી : કુંવરીબા એ તો ઘણા પાછળ રહી ગયા છે.

સોહિણી : સારું થયું કુંવરીબા એ પાછળ રહી ગયા તે. એ બધા હમેશાં આપણી સાથે જ હોય છે ને ! અરે કમળા તું કેમ કશું બોલતી નથી ?

કમળા : મને તો બીક લાગે છે સોહિણી કે ક્યાંકથી જંગલી જાનવર આવી જશે તો?

રાજકુંવરી : કેવી ડરપોક છે કમળા, નહીં સોહિણી?

કમળા : તમને તો બીક ના લાગે કુંવરીબા, પણ મને તો......

લીલા : ચાલ કમળા, તને બીક ના લાગે એટલા માટે આપણે સંતાકૂકડી રમીએ.

રાજકુંવરી : હા, હા, લીલા, સંતાકૂકડી જ રમીએ. જોને સંતાવાની કેટલી બધી જગ્યાઓ છે, નહીં?

દાસી : પણ સંતાવા જઈશું ને કોઈક જંગલી જાનવર પકડી પાડશે તો?

લીલા : ભલેને આવે જંગલી જાનવર. આવશે તો કોઈ રાજકુમાર આવીને બધાને બચાવી લેશે, કેમ કુંવારીબા ખરું ને?

રાજકુંવરી : જાને બહુ ચાંપલી થયા વગર. પણ સોહિણી મનમાં બીક રાખીએ તો રમવાની મજા જ ના આવે ને!

સોહિણી : કુંવરીબા, આજ તમારી આંખે પાટા બાંધીએ. તમે અમને પકડવા આવો, કેમ

કમળા બરાબર છે ને?

કમળા : હા, હા. કુંવરીબા, તો તો ખૂબ મજા આવશે.

રાજકુંવરી : સારું, સારું. દાસી, ચાલ મારી આંખે પાટો બાંધી દે તો.

દાસી : જેવી કુંવરીબાની આજ્ઞા.

[ દાસી કુંવરીની આંખે પાટો બાંધી દે. પછી ગોળ ગોળ ફેરવે. આ દરમિયાન લીલા, કમળા, સોહિણી ને છેલ્લે દાસી સંતાઈ જાય. રાજકુંવરી બધાને ખોળવા અહીંથી તહીં ફરે, બહારથી શનિના હસવાનો અવાજ આવે. રાજકુંવરી ફરતી હોય, સખીઓ વિધવિધ અવાજ કરે ત્યાં શનિનો પ્રવેશ થાય. રાજકુંવરીને જોઈ ખુશ થાય, મનોમન બોલે. ]

શનિ : વાહ કેવી મજાની છોકરી છે! આજે એને ઉપાડી જઈશ.

[ એટલામાં રાજકુંવરી ફરતી ફરતી શનિ પાસે આવે અને શનિને પકડી પાડે અને બૂમો પાડે. ]

રાજકુંવરી : પકડી પાડી, પકડી પાડી.

[ આમ બોલી પાટો ખોલી કાઢે, શનિને જોઈ ચીસો પાડે છે. ]

રાજકુંવરી : ઓ મા રે, સોહિણી, લીલા, કમળા ... ઓ ... ઓ ...

[ રાજકુંવરીનો અવાજ સાંભળી, બધી સખીઓ બહાર આવે છે. બધાને જોઈ, શનિ ખૂબ હસે છે.

શનિ : અરે વાહ, હૂ હૂ હૂ હૂ......આટલી બધી છોકરીઓ? આજ તમને બધાંને હું લઈ જઈશ. હા હા હા હા...

રાજકુંવરી : અરે...બચાવો...બચાવો...

શનિ : અહીં તમને મારા સિવાય કોઈ બચાવશે નહીં. હા હા હા હા...

લીલા : (ફફડતાં) મેં તો તમને ના પાડી હતી તોય તમે જંગલમાં આવ્યાં કુંવરીબા.

શનિ : અરે વાહ રાજકુંવરી છે ને? ચાલો બધાં હા હા હા હા...

રાજકુંવરી : બચાવો, અરે કોઈ છે? સૈનિકો...બચાવો.

શનિ : કહ્યું ને કોઈ નહીં બચાવે. કુંવરી તારા સૈનિકો તો નહીં આવે પરન્તુ મારા સૈનિકો હમણાં આવશે.

[એમ કહી તાળી વગાડે, સૈનિકો ઢીંચુક ઢીચુક કરતા આવે, બધાને ઘેરી લે.]

શનિ : ચાલો, લઈ ચાલો આ બધાને.

રાજકુંવરી : બચાવો, બચાવો, આ રાક્ષસ અને એના

સૈનિકો અમને ખાઈ જશે.

[શનિ આ સાંભળી હસે, સૈનિકો સાથે એય નાચતો નાચતો ફરે, ત્યાં અચાનક બુધનો પ્રવેશ થાય.]

બુધ : રાક્ષસકાકા, રાક્ષસકાકા, આ શું કરો છો તમે? આ બધાને આમ ઘેરી લઈ, ડરાવતાં તમને શરમ નથી આવતી? અને તમે બધા સૈનિકો કહુ છું ચાલ્યા જાવ.

શનિ : બુધ, એમ નહીં જાય, તાળી વગાડ.

[બુધ તાળી વગાડે છે, સૈનિકો અદૃશ્ય થઈ જાય છે.]

બુધ : ગભરાશો નહીં તમે બધાં. આ રાક્ષસકાકા તમને કશું નહીં કરે હાં. (શનિ તરફ ફરી) રાક્ષસકાકા, તમારાથી આવું કામ થાય?

શનિ : પણ કુમાર, હું એમને ખાઈ થોડો જવાનો હતો? હું તો એમને મારી ગુફાએ લઈ જતો હતો.

બુધ : પણ શું કરવા તમારી ગુફાએ લઈ જતા હતા? આ બધાએ તમારું શું બગાડ્યું હતું?

શનિ : બેટા બુધ, તને ક્યાંથી ખબર હોય? હું જ્યારે પણ કોઈ છોકરીને જોઉં છું એટલે મને મારી દીકરી યાદ આવે છે.

બુધ : તે તમારી દીકરી ક્યાં ગઈ છે, રાક્ષસકાકા ?

શનિ : બેટા, એ નાની હતી ત્યારે કોઈક જંગલી જાનવર એને લઈ ગયું છે. શી ખબર મારી દીકરી હશે કે નહીં ! હશે તો ક્યાં હશે ? કેવી હશે ? બેટા, એ હોત તો અત્યારે આ કુંવરી જેવડી જ હોત.

બુધ : ઓહ, રાક્ષસકાકા મને માફ કરજો. મારાથી અજાણતાં તમને દુઃખ દેવાઈ ગયું.

શનિ : કશો વાંધો નહીં દીકરા. જેને ખબર ના હોય એ બધા આમ જ કરે.

બુધ : રાક્ષસકાકા, આ બધાને એમના ઠેકાણે હું પહોંચાડી આવીશ.

શનિ : કુમાર ! એક વાર મને આ બધાંને મારી ગુફા પર લઈ જવા દે. આ બધાને જોઈ મારી પત્ની પણ ખુશ થશે. હું એમને રાજીખુશીમાં રાખીશ.

બુધ : એમને આવવું હોય તો મને વાંધો નથી રાક્ષસકાકા. (કુંવરીને) તમે બધા કોણ છો ?

રાજકુંવરી : હું સુરાષ્ટ્રની રાજકુંવરી છું. આ બધી મારી સખીઓ છે.

બુધ : ચાલો, તમને તમારા નગરમાં મૂકી આવું, કુંવરી.

રાજકુંવરી : ના કુમાર, અમે હવે તો પહેલાં રાક્ષસ-કાકાને ત્યાં જઈશું.

બુધ : ભલે પણ તમારાં મા–બાપ ચિંતા કરશે તો કુંવરી ?

રાજકુંવરી : અમે થોડોક સમય અહીં રહી ચાલ્યાં જઈશું.

સોહિણી : હા કુમાર.

લીલા : તમારા જેવા કુમાર હોય, આવા રાક્ષસ-કાકા હોય તો અમે જરૂર રહીશું.

કમળા : પણ... અમને કોઈ ખાઈ તો નહીં જાય ને ?

બુધ : (હસીને) ના, હવે આ જંગલમાં કોઈ કોઈને ખાતું નથી.

શનિ : અરે કુમાર, તારા ભાઈબંધો ક્યાં ગયા ? એ હોત તો આ બધાને વધારે આનંદ થાત.

બુધ : હા રાક્ષસકાકા. પણ એ બંને રીંછભાઈએ સભા ભરી છે ત્યાં ગયા છે.

શનિ : ચાલો દીકરીઓ મારા ઘેર. પછી ત્યાંથી હું સભામાં જઈશ.

બુધ : હા રાક્ષસકાકા, હું હમણાં જાઉં છું. તમે ત્યાં આવી પહોંચો.

શનિ : ચાલો... દીકરીઓ.

બુધ : રાક્ષસકાકા, કુંવરી જેવી કુંવરી તમારે ત્યાં આવે છે અને એમને એમ લઈ જશો. અરે એ બધાને નાચતા કૂદતા સૈનિકો સાથે લઈ જાવ.

[કહી તાળી વગાડે, સૈનિકો આવે, નાચતા કૂદતા બધાંને લઈને જાય.]

બુધ : ચાલ, હવે હું સભામાં જાઉં. આજે બધાં પ્રાણીઓ ભેગાં થઈને માણસો જંગલમાં લાવવાં કે નહીં તેનો નિર્ણય કરવાનાં છે. જોઉં તો ખરો કે શું નિર્ણય લેવાય છે!

[જાય છે અને એની સાથે દશ્ય પૂરું થાય.]

□

## દૃશ્ય : ૫

**સ્થળ** : જંગલનો બીજો ભાગ

[ રીંછના પ્રમુખપણા હેઠળ સભા ભરાઈ છે. રીંછ, વાંદરું, સસલું, હરણ હાજી-નાજી બધાં બેઠાં છે. ]

રીંછ : સસ્સારાણા, સસ્સારાણા, હરણભાઈને ખબર છે ?

સસલું : શેની રીંછરાજ ?

વાંદરું : શેની તે આ જંગલમાં હવે આપણે નહીં રહી શકીએ. હવે આ જંગલમાં નગરમાંથી માણસો આવશે ને એ રહેશે.

હરણ : ઓહ, એમ વાત છે ? તો પછી આપણે ક્યાં જઈશું ?

હાજી : આપણે અહીં જ રહીશું વળી.

નાજી : હા, હા આપણે અહીં જ રહીશું.

રીંછ : તમે બંને રહો એનો વાંધો નથી.

વાંદરું : કેમ ? આ બંને માણસો નથી ?

રીંછ : છે, પણ એમનાથી બ્હીવા જેવું નથી. એ આપણા જેવા જ છે.

હાથી : હા, સસ્સારાણા લગાવો તાલી, અમે તમારા જેવા ભઈયા.

રીંછ : હા, હા તમે અમારા જેવા છો. હવે આપણે શું કરીશું ? મને લાગે છે કે આપણે વનદેવીને બોલાવીએ, એમને ફરિયાદ કરીએ. એ જેમ કહેશે તેમ કરીશું. બોલો બધાંને આ વાત મંજૂર છે ?

સસલું : હા, હા વનદેવીને જ બોલાવવાં જોઈએ.

હરણ : એમના વગર આ માણસજાત આપણું માનશે નહીં. ઉપરથી આપણું જંગલ પડાવી લેશે.

સસલું : એની સાથે આપણો પણ અંત આવી જશે.

રીંછ : એમ આપણો અંત ના આવે. લો આ કુમાર આવ્યાં.

બુધ : અહો આજ તો સસલાભાઈ, હરણભાઈ બધા આવ્યા છે ને કાંઈ. બોલો રીંછભાઈ બધાએ ભેગા મળી શો વિચાર કર્યો ?

વાંદરું : વનદેવીને બોલાવી, એ જે કહે એમ કરવાનો વિચાર કર્યો છે કુમાર.

બુધ : વનદેવીને બોલાવશો? બોલો હાજી–નાજી વનદેવી આપણને અહીં રહેવા દેશે કે નહીં?

હાજી : (સિક્કો ઉછાળી) બોલ નાજી, વનદેવી આપણને રહેવા દેશે.

નાજી : નહીં રહેવા દે.

બધાં : શાબાશ.

હાજી : રહેવા દેશે.

બુધ : શાબાશ. લો આ રાક્ષસકાકા આવ્યા. હવે બોલાવો વનદેવીને.

[બધાં ભેગાં થઈને વનદેવીની પ્રાર્થના ગાય છે.]

બધાં : વનદેવી ઓ વનદેવી
ભીડ પડી છે અમને એવી
વનદેવી ઓ વનદેવી.

આવી અમને બતાવો કેડી
જલદી જલદી આવો દેવી
ભીડ પડી છે અમને એવી
વનદેવી ઓ વનદેવી.

[ આમ ગીત ગવાતું હોય, પૂરું થાય ત્યાં મીઠા મધુર હાસ્યનો ધ્વનિ સંભળાય, એની સાથે શિયાળની લાળીનો અવાજ સંભળાય, થોડીક વારમાં વનદેવી આવે, એમના બે હાથમાં બે શિયાળની દોરી હોય છે, આગળ શિયાળ પાછળ વનદેવી હસતાં આવી બેસે, બધાં ઊભા રહે, પછી... ]

બધાં : બોલો વનદેવીની જય. વનદેવીની જય.

[ એની સાથે વનદેવી હસે, વનદેવી હસે એટલે શિયાળ અવાજ કરે. ]

વનદેવી : બોલો મારાં વહાલાં બાળકો, મને કેમ યાદ કરી ?

બધાં : વનદેવી ઓ વનદેવી
ભીડ પડી છે અમને એવી
આવી અમને બતાવો કેડી
વનદેવી ઓ વનદેવી.

વનદેવી : આ માણસો આવ્યા છે એની ભીડ પડી છે?

બુધ : માતાજી પ્રણામ! અમારા આવવાથી કોઈ ભીડ પડી નથી.

વનદેવી : તો પછી મને યાદ કરવાનું કારણ શું રીંછ બેટા ?

રીંછ : વનદેવી મા! આ કુમાર અહીં જંગલમાં નગરનાં માણસો લાવવા માંગે છે.

સસલું : માણસો આવે તો અમે ક્યાં જઈએ વનદેવી મા?

હરણ : અમારા ચારાનું શું મા?

વાંદરું : અમારા હરવા-ફરવાનું શું વનદેવી મા?

વનદેવી : શનિરાજ, તમે કેમ ચૂપ રહ્યા? તમે શું માનો છો?

શનિ : દેવીજી! માણસો આ જંગલમાં ના આવે એવું તો હુંય ઇચ્છુ છું, પરન્તુ કુમારને મદદ કરવાનું મેં વચન આપી દીધું છે, દેવીજી.

વનદેવી : કુમાર! તું તારા માણસોને કેમ લાવવા માગે છે, બેટા?

બુધ : કેમ કે એમને ત્યાં રહેવા જમીન નથી વનદેવી મા, એટલે!

બધાં : તેથી અહીં લાવવાના?

વનદેવી : કુમાર! આ બધાંની ઇચ્છા નથી તો તું માણસો શું કામ લાવવા માગે છે, બેટા?

બુધ : માતાજી, હું નગરમાંથી પ્રતિજ્ઞા લઈને નીકળ્યો છું કે જમીન વગરનાઓને હું જમીન અપાવીશ.

બધાં : જંગલ વગર બીજે જમીન મળશે,
જંગલ વગર બીજે જમીન મળશે.

વનદેવી : કુમાર! જો હું તને મારાં આ બે શિયાળ આપું. તું તારી પ્રતિજ્ઞા છોડી દે દીકરા.

બુધ : ના વનદેવી મા, હું જો મારાં પ્રજાજનોને અહીં લાવી જમીન નહીં આપું તો પિતાજી બધાને મારી નાખશે, કચડી નાખશે.

વનદેવી : ઓહ, એમ વાત છે?

બધાં : ના જોઈએ ભઈ ના જોઈએ,
માણસ અમારે ના જોઈએ.

વનદેવી : શાંત થાવ મારાં બાળકો. જૂવો મને એક રસ્તો સૂઝે છે.

બધાં : કયો રસ્તો વનદેવી મા?

વનદેવી : આપણે એમ કરીએ. કુમારને કહીએ કે એ થોડાક માણસો લઈ આવે. થોડાક

દિવસ એ બધા જંગલમાં શાંતિથી રહે. જો એ જંગલમાં શાંતિથી રહે, જંગલના જે નિયમો છે એ પાળે, તમને બધાને હેરાન નહીં કરે તો પછી બીજા માણસો પણ આવે અને રહે. બોલો તમને મંજૂર છે આ વાત ?

રીંછ : પણ એ બધા અમને હેરાન કરશે તો?

બુધ : હું એનું ધ્યાન રાખીશ, રીંછભાઈ, પછી ?

રીંછ : તો ભલે વનદેવી મા, અમને બધાને મંજૂર છે.

વનદેવી : સારું તો કુમાર, તને આજ્ઞા છે કે તું થોડાંક માણસો લઈ આવ. જો એ મારાં આ બધાં બાળકોને પરેશાન કરશે તો એમને અહીંથી જતા રહેવું પડશે.

બુધ : જેવી વનદેવી માની આજ્ઞા.

વનદેવી : અને મારાં વહાલાં બાળકો તમે ગભરાશો નહીં. હું છું ત્યાં સુધી તમે કોઈપણ જાતની ચિંતા કરશો નહીં. કુમાર આ વનમાં મહેમાન થઈને આવ્યો છે. એની પ્રતિજ્ઞા ના તૂટે એટલા માટે પણ આપણે એને મદદ કરવી જોઈએ.

બધાં : બોલો વનદેવીની જય, વનદેવીની જય.

[ વનદેવી હસે, શિયાળ અવાજ કરે અને ધીમે ધીમે વનદેવી ચાલ્યાં જાય. ]

બુધ : રાક્ષસકાકા, રીંછભાઈ, હું આજને આજ નગરમાં જઈ મારા માણસોને લઈ આવું છું.

શનિ : જેવી તારી મરજી, કુમાર !

રીંછ : પણ કુમાર જો અમારામાંથી કોઈને પણ એ લોકો હેરાન કરશે તો પછી અમે એમને અહીં નહીં રહેવા દઈએ.

બુધ : મંજૂર રીંછભાઈ, મંજૂર. ચાલો હાજી-નાજી, તમારે આવવું છે મારી સાથે નગરમાં?

હાજી } : ના, કુમાર હવે અમારે ક્યારેય નગરમાં
નાજી } નથી આવવું. હવે અમે સદાયને માટે અહીં જ રહીશું. ખાઈશું, પીશું ને લ્હેર કરીશું.

બુધ : વાહ, તમને તો જબરો રંગ લગાડ્યો છે આ જંગલે. તો હું જાઉં છું.

[ બુધ જાય છે, પછી... ]

હાજી : ચાલો રીંછરાજ, ચિંતા ખંખેરી નાખો. આપણે ગાઈએ–નાચીએ.

વાંદરું : હા હા હાજી–નાજી. થવા દો કંઈક સરસ.

હાજી / નાજી } : અમે જંગલના છીએ જીવ,
કે હોય ના અમને કશીયે રીસ.
જંગલ અમારું જીવન છે ભઈ,
નાચી રહ્યા છી તાતા ક થઈ થઈ
અમે ભાતીગળા ભઈ શિવ,
કે હોય ના અમને કશીયે રીસ.

[ બધાં ગાતા, નાચતાં હોય ત્યાં દૃશ્ય પૂરું થાય. ]

□

## દૃશ્ય : ૬

### સ્થળ : જંગલ

[ હાજી-નાજી પશુઓની જેમ બેઠા છે, એમના આખા શરીરે ઝીણાં ઝીણાં પાંદડાં ફૂટેલાં છે. ]

હાજી : નાજી ! જો જો મારા આખા શરીરે પાંદડાં ઉગ્યાં છે.

નાજી : અરે હાજી ! જો જો મારાય આખા શરીરે પાંદડાં ઉગ્યાં છે.

હાજી : વાહ નાજી, આપણે તો હવે ઝાડ થઈ ગયા.

નાજી : હા હાજી, હરતાં-ફરતાં ઝાડ ! વાડ વગરનાં ઝાડ, નહીં ?

હાજી : કેવી મજા ભઈ, કેવી મજા,
ઝાડ થવાની કેવી મજા.

નાજી : એવી મજા ભઈ, એવી મજા,
ઝાડ થયાની એવી મજા.

[ ત્યાં રીંછ, વાંદરું, હરણ અને સસલું આવે છે. આ બંનેને નાચતા જોઈ બધાં નાચવા લાગે છે. ]

હાજી : ( રીંછની જેમ ચાલતાં ) રીંછરાજ અમે માણુસમાંથી હરતાં ફરતાં ઝાડ થઈ ગયા.

હાજી : (વાંદરાની જેમ કૂદતાં) વાંદરારાજ, અમે નથી માણસ, નથી પશુ કે નથી વૃક્ષ, અમે તો હવે બધું જ છીએ.

રીંછ : અરે, વાહ તમે તો અમારી જેમ જ બોલો ચાલો છોને કંઈ!

વાંદરું : તે આપણા જાતભાઈ હોય તે થઈ જ જાયને!

સસલું : હાજી–નાજી તમારા કુમાર તો હજી આવ્યા નહીં.

હરણ : ના આવે તો સારું.

વાંદરું : બહુ બહુ બહુ સારું.

બધાં : બહુ બહુ બહુ સારું.
ના આવે તો બહુ સારું.

રીંછ : પણ કુમાર આવશે જ આવશે. હાજીભાઈ જરા સિક્કો ઉછાળીને જુઓ તો ખરા કે કુમાર આવશે કે નહીં આવે?

હાજી : રીંછભાઈ! રહેવા દોને. હવે મને સિક્કો ઉછાળવાનું મન નથી થતું.

નાજી : અરે કુમારને આવવું હોય તો આવે, ના

આવવું હોય તો કંઈ નહીં. આપણે બસ ખાવ, પીવો ને લ્હેર કરો.

સસલું : હા, હા નકામી ચિંતા કર્યા વગર આપણે મજા કરો ભઈ, મજા કરો.

હરણ : (કાન ઊંચા કરીને) સાંભળો, સાંભળો કોઈ આવતું હોય એમ લાગે છે.

રીંછ : (સૂંઘીને) હા, હરણભૈયાની વાત સાચી છે. કોઈ માણસ આવતું લાગે છે.

વાંદરું : ચાલો તમે બધા છૂપાઈ જાવ. આ બંદા હુપાહુપ કરે એટલે આવી જજો.

[એની સાથે બધાં સંતાઈ જાય. ત્યાં રવિ, સોમ અને અંગરક્ષક ત્રણે જણા આવે.]

રવિ : સોમ! સાલું જંગલ તો ભયંકર લાગે છે.

સોમ : હા, રવિ કયાંય કશું દેખાતું નથી. આવામાં બુધ શું કામ આવ્યો હશે?

રવિ : એ તો આવીને ફસાયો સાથે સાથે આપણને પણ ફસાવ્યા.

સોમ : બિલકુલ, કયાંય કશું સંભળાતું નથી કે કોઈ ફરકતું નથી.

અંગરક્ષક : એ તો આપણને જોઈ બધાં પશુ, પક્ષી ડરીને જતાં રહ્યાં હશે.

[ત્યાં વાંદરાનો ખીખીખીખીનો અવાજ આવે, એનાથી અંગરક્ષક એકદમ 'ઓ હો હો ..' કરતો ડરી જાય.]

અંગરક્ષક : ઓ બાપ રે... કશુંક આવ્યું લાગે છે.

રવિ : અરે, એ તો વાંદરાનો અવાજ છે, એમાં ગભરાઈ શું જાય છે, અંગરક્ષક?

સોમ : (તલવાર ખેંચી) અરે, ભાર શા છે કોઈનાય, વાંદરાને શું, વાંદરાના બાપને આમ કાપી નાખું.

[ત્યાં વાંદરો ફરી અવાજ કરે. એ સાંભળી સોમના હાથમાંથી તલવાર પડી જાય.]

સોમ : સાલું વાંદરું, આવો અવાજ ના કરે હોં રવિ.

રવિ : તુંય શું સોમ, આમ ગભરાઈ જાય છે, હજી તો આપણે આખા જંગલમાં ફરવાનું છે. બુધને શોધવાનો છે.

સોમ : અરે હોય, હું શું કામ ગભરાઉં? હું તો બહાદુર છું. વાંદરા-ફાંદરાને તો આમ ચપટીમાં ચોળી નાખું હા.

અંગરક્ષક : હા હા કુમારો, આપણે શું કામ ગભરાઈએ? ચાલો ચાલો આગળ ચાલો.

[અને વાંદરું હુપાહુપ કરે, એની સાથે બધાં પશુઓ બહાર આવે અને ત્રણે જણાને ઘેરી લે, જાતજાતના અવાજો કરે, કુદાકુદ કરે. પેલા ત્રણે જણા એકદમ ફફડી જાય. બચાવ, બચાવ મા-બાપ, અમે તમારી ગાય છીએ એમ બોલે.]

રીંછ : કેમ આવ્યા છો આ જંગલમાં?

રવિ : (ફફડતાં) ખાલી, રીંછડા, ખાલી.

હાજી : ઓહો, હજી રીંછડા એમ બોલો છો! રીંછરાજ કહો, રીંછરાજ.

હાજી : બોલો કેમ આવ્યા છો આ જંગલમાં?

સોમ : ખાલી ભેંસાબ, ખાલી.

વાંદરો : ખોટું બોલો છો? હુપ હુપ.

હાજી : બોલો રવિરાજ.

નાજી : કેમ છો સોમરાજ?

રીંછ : તમે ઓળખો છો, આ બધાંને?

હાજી/નાજી : ના રે ના, અમે ઓળખતા જ નથીને.

રવિ : અરે સોમ, આ તો આપણા હાજી–નાજી છે. હાજી–નાજી, અમને બચાવી લો. અમે તમારો ઉપકાર જિંદગીભર નહીં ભૂલીએ.

સોમ : અમે તો તમને અને બુધને શોધવા આવ્યા છીએ. તમે અમને બચાવો હાજી–નાજી.

સસલું : એમ, એટલે તમે કુમારના ભાઈઓ છો?

હરણ : તો તો પછી થઈ જાય.

બધાં : હા હા થઈ જાય, હા હા થઈ જાય.

[બધાં સાથે નાચતાં–ગાતાં એમને ઘેરી લઈ ઘૂમે છે.]

બધાં : આજ તમોને ખાશું રાજ,
જંગલમાં કેમ આવ્યા જી?

ચાલે છે અમારું રાજ,
જંગલમાં કેમ આવ્યા જી?

બીજું અમારે શું છે કાજ,
જંગલમાં કેમ આવ્યા જી?

હવે તમે ક્યાં જાશો રાજ,
જંગલમાં કેમ આવ્યા જી?

રવિ : માફ કરો, માફ કરો રીંછરાજ. હવે અમે કદી નહીં આવીએ.

સોમ : તમે અમને છોડી દેશો તો અમે હમણાં ને હમણાં અહીંથી જતા રહીશું. ક્યારેય આ જંગલમાં ફરીથી પગ નહીં મૂકીએ.

અંગરક્ષક : અમે તમારો ઉપકાર જિંદગીભર નહીં ભૂલીએ.

બધાં : કેમ કરીને જાશો રાજ,
જંગલમાં કેમ આવ્યા જી?
ચાલે છે અમારું રાજ,
જંગલમાં કેમ આવ્યા જી?

હાજી : સાંભળો રીંછરાજ, આપણે આ ત્રણેને તમારી ગુફામાં પૂરી દઈએ.

નાજી : જ્યાં સુધી કુમાર ના આવે ત્યાં સુધી એમને પૂરી રાખીએ.

રીંછ : સારું જેવી તમારી ઇચ્છા હાજી–નાજી.

બધા : ચાલો, ચાલો માણસ રાજ,
જંગલમાં કેમ આવ્યા જી?

ચાલે છે અમારું રાજ,
જંગલમાં કેમ આવ્યા જી?

[ આમ ગાતાં ગાતાં બધાં જાય છે, ત્યાં થોડીકવારમાં બીજી બાજુથી રાક્ષસપત્ની, રાજકુંવરી અને એની સખીઓ ગાતાં-ગાતાં, નાચતાં-નાચતાં આવે છે. ]

બધાં : તમે અમારાં માતાજી ને
અમે તમારાં છૈયાં જી.

સાથે રહીએ સાથે ગાઈએ
અમે તમારાં છૈયાં જી.

આનંદમાં તરબોળ બનેલાં
અમે તમારાં છૈયાં જી.

નાચી કૂદી કહેતાં ફરીએ
અમે તમારાં છૈયાં જી.

રાક્ષસપત્ની : અરે વાહ, તમે બધાં ભેગાં થઈને કેવું કરો છો? નાચવાનું, ગાવાનું, કૂદવાનું મને તો બહુ મજા પડે છે.

રાજકુંવરી : માતાજી! તમે અમને તમારી દીકરીઓની જેમ રાખો, પછી અમે તમને મજા પડે એવું કરીએ, એમાં શું માતાજી?

રોહિણી : હા માતાજી, અમને તો કેવું થતું'તું કે જંગલમાં જઈએ તો છીએ પણ શી ખબર શુંયે થશે!

કમળા : મને તો આખી જિંદગી અહીં જ રહેવાનું મન થાય છે, હોં કે માતાજી.

પત્ની : તે રે'ને દીકરી. મારે તો સારું. તમને તો ખબર છે કે રાક્ષસરાજ આખો દિવસ જંગલમાં ફરતા હોય છે. મારો તો દિવસ પણ નથી જતો. હું એકલી આખો દિવસ કરું પણ શું?

લીલા : તે હેં માતાજી, તમારી દીકરીને કયું જાનવર લઈ ગયું'તું?

પત્ની : અરે બેટા, શી વાત કરું? જન્મી એ જ રાત્રે અચાનક કોઈ પશુ આવ્યું અને એને લઈ ગયું. રાક્ષસરાજ આનંદમાં આવી તે રાત્રે બરાબર શાંતિથી ઊંઘતા હતા. મને પીડા થતી હતી, એટલે કશી શોધ પણ ના થઈ શકી. કોણ જાણે મારી દીકરી ક્યાં હશે? જીવતી હશે કે...

રાજકુંવરી : દુ:ખી ના થશો માતાજી. તમે મને તમારી દીકરી ગણજો. આખી જિંદગી તમારી પાસે જ રહીશ.

પત્ની : (રડતાં) એ તો મારું સદ્ભાગ્ય છે, દીકરી. પણ હું મા છું ને એટલે...

[ત્યાં શનિ આવે, પત્નીને રડતી જોઈ...]

શનિ : શું છે તારે? કેમ આંખમાં આંસુ આવે છે? માણસો સાથે રહીને તુંય માણસ થતી જાય છે?

પત્ની : તમને ક્યાં કોઈના સુખદુઃખની પડી છે? ક્યારેય તમે શોધ કરી છે ખરી કે આપણી દીકરી ક્યાં છે? છે કે નથી?

શનિ : તને શી ખબર કે મેં આપણી દીકરીની શોધ નથી કરી? એ ના મળે તો હું શું કરું? (એકદમ બધી છોકરીઓ તરફ જોઈ) જો, જો કેટલી બધી આપણી દીકરીઓ છે? આ બધી દીકરીઓ આપણી જ છે ને. ચાલો, ચાલો, દીકરીઓ, તમારી માને મજા પડે એવું કંઈ કરો જોઈએ.

સોહિણી : દાદાજી, દાદાજી પેલા સિપાહીઓને બોલાવોને!

લીલા : અમે એમની સાથે નાચીશું, ગાઈશું.

શનિ : ઓહ, એમાં શું? આ આવ્યા.

[–કહી તાળી વગાડે, સૈનિકો આવે, રાજકુંવરી ને બધાં નાચે–ગાય, ત્યાં બુધ એના માણસોને લઈ ને આવે, શનિ તાળી વગાડે, સૈનિકો અદશ્ય થઈ જાય પછી...]

શનિ : આવી ગયો કુમાર?

બુધ : હા, રાક્ષસકાકા. થોડાક માણસો લેતો આવ્યો છું. એ હવે અહીં રહેશે. આપણી શરતો પાળશે. જો એ શરતોનો ભંગ કરશે તો હું એ બધાને લઈને અહીંથી ચાલ્યો જઈશ.

શનિ : ભલે કુમાર. તારી શ્રદ્ધા છે તો એમને અહીં રાખ બાકી...

બુધ : દુ:ખી ના થશો રાક્ષસકાકા. જુઓ સાંભળો ભાઈઓ હવે તમે આ જંગલમાં તમને ફાવે ત્યાં રહી શકશો. મેં તમને કહ્યું છે એમ કોઈ પશુ-પક્ષીને કનડગત નહીં કરો, ભાઈચારાથી રહેશો તો સદાય માટે અહીં રહી શકશો.

નગરજનો : જેવી કુમારની આજ્ઞા.

નગરજન-૧ : કુમાર, અમારે જે જમીન લેવી હોય તે લઈ શકીએ.

બુધ : હા ભાઈ.

નગરજન-૩ : અને જ્યાં અમારે અમારું ઘર બાંધવું હોય ત્યાં બાંધી શકીએ ?

બુધ : હા ભાઈ.

નગરજન-૨ : આ જમીન–ઘર, બધું કેવળ અમારું જ હશેને કુમાર ?

બુધ : હા ભાઈ, તમે બધાં જઈ શકો છો.

નગરજનો : કુમારનો જય હો, કુમારનો જય હો.

શનિ : સાંભળ્યું કુમાર? જંગલનું વાતાવરણ અત્યારથી જ બગડવા માંડ્યું છે.

બુધ : કઈ રીતે રાક્ષસકાકા ?

શનિ : અમારા જંગલમાં કોઈ જમીન, કોઈ ઘર, કોઈનું હોતું નથી. જે રહે એનું ઘર, જે ચરે, હરે, ફરે એની જમીન. જે વૃક્ષે બેસીએ એ અમારું વૃક્ષ. જે નદીનું પાણી પીએ

એ નદી અમારી. અહીં બધું અમારું છે. મારું નહીં.

બુધ : સમજું છું, રાક્ષસકાકા. આ લોકો ધીમે ધીમે બધું ભૂલી જશે.

શનિ : ચાલ, બધી દીકરીઓને લઈને જઈએ.

બુધ : અરે વાહ, હજી તમે બધાં અહીં છો?

રાજકુંવરી : હા કુમાર, હવે અમે જવાનાં જ નથી!

બુધ : પણ...

રોહિણી : અમને હવે ફાવી ગયું છે. તમારા જેવા કુમાર હોય, રાક્ષસકાકા હોય, માતાજી હોય...

કમળા : આગળ હવે કશું બોલશો નહીં કુમાર!

બુધ : વાહ! તમને ફાવી ગયું હોય તો સવાલ જ જ ઊભો નથી થતો. રાક્ષસકાકા, પણ કેટલા મજામાં રહે છે?

શનિ : અને કુમાર તું મજામાં નથી રહેતો?

બુધ : શું રાક્ષસકાકા તમેય તે...

[ બધાં ખડખડાટ હસી પડે છે અને દૃશ્ય પૂરું થાય છે. ]

□

## દૃશ્ય : ૭

### સ્થળ : જંગલ

[ રવિરાજ, સોમરાજ અને અંગરક્ષકને વૃક્ષ સાથે બાંધેલા છે. હાજી–નાજી અને જાંબુવતી આ ત્રણેની આગળ પાછળ ફરતાં હોય છે, ગાતાં હોય છે. ]

હાજી : જંગલ અમારું ઝીંદાબાદ છે,
કોઈનું કશું ના ચાલે રે.

નાજી : જંગલમાં જે આવે,
એ જે જંગલનો ના થાય રે.

જાંબુ૦ : આવા એના હાલ થાય છે,
કોઈનું કશું ના ચાલે રે.

ત્રણે : જંગલ અમારું ઝીંદાબાદ છે,
કોઈનું કશું ના ચાલે રે.
અમારી ઇચ્છા વિના ભઈયા,
પાંદ એક ના હાલે રે.
જંગલ અમારું ઝીંદાબાદ છે,
કોઈનું કશું ના ચાલે રે.

[ ગીત પૂરું થાય અને રીંછનો પ્રવેશ થાય છે. ]

રીંછ : જાંબુ, જા દીકરી ઘરમાં ચાલી જા જોઈએ.

હાજી : શું કરવા, જાંબુ ઘરમાં જાય રીંછરાજ ?

રીંછ : હાજી, એમાં તને કશી ખબર ના પડે. જા
દીકરી અંદર જતી રહે.

નાજી : પણ એનું કારણ અમને કહોને રીંછરાજ ?

રીંછ : તું કશું સાંભળ્યા વગર અંદર જા જાંબુવતી.

હાજી : ના જઈશ જાંબુ, કશું નહીં કરે રીંછરાજ.

નાજી : તમારે અમને કહેવું પડશે

હાજી : જાંબુને શું કામ જવું પડશે ?

રીંછ : અરે આજે આ ત્રણ જણાનો ન્યાય કરવા
શનિરાજ ને કુમાર અહીં આવવાના છે
એટલે જાંબુએ અંદર જવાનું છે, બસ.

હાજી : પણ રીંછરાજ, કુમાર અને રાક્ષસરાજ અહીં
આવે એમાં જાંબુએ અંદર શું કામ જવું
પડે, એ મને હજી સમજાતું નથી.

નાજી : અરે રીંછરાજ, જાંબુ અહીં જ રહેશે,
અમારી સાથે જ રહેશે.

રીંછ : એક વખત કહ્યુંને જાંબુ, તું અંદર જતી રહે.

જાંબુ૦ : જેવી પિતાજીની આજ્ઞા. હાજી-નાજી હું અંદર જાઉં છું.

[ ત્યાં બુધ સામે મળે છે. ]

બુધ : અરે, જાંબુ તું ક્યાં જાય છે?

જાંબુ૦ : હું મારી ગુફામાં જાઉં છું, કુમાર!

બુધ : અરે રીંછરાજ, આજે તમે કેમ ગુસ્સામાં છો? (પેલા ત્રણેને જોઈ) અરે રવિ અને સોમ, તમે? તમે અહીં ક્યાંથી? ક્યારે આવ્યા?

રવિ : અમે તને શોધવા આવ્યા હતા, ભાઈ બુધ.

સોમ : અને અમારી આ દશા થઈ છે.

અંગરક્ષક : અમને છોડાવો કુમાર, નહીંતર આ બધા અમને મારી નાખશે.

બુધ : ના અંગરક્ષક, અહીં કોઈ નહીં મારે.

રીંછ : આ તમારા ભાઈઓ છે કુમાર! તો હાજી-નાજીએ કેમ કશું ના કહ્યું મને?

બુધ : રીંછભાઈ, હાજી–નાજી હવે મારા કરતાં તમારા વધારે થઈ ગયા છે, કેમ ખરુંને હાજી!

હાજી : ના રે ના, એવું કશું છે જ નહીં, કુમાર.

નાજી : અમે તો તમારા ય છીએ અને રીંછભાઈના ય છીએ.

બુધ : કશો વાંધો નહીં, હાજી–નાજી. પણ તમે ગુસ્સે શું કામ થયા હતા રીંછભાઈ?

હાજી : કુમાર, રીંછરાજ જાંબુને અંદર મોકલવા માગતા હતા અને અમે ના પાડતા હતા એટલા માટે.

બુધ : પણ એનું કારણ શું રીંછભાઈ?

રીંછ : કુમાર! હું નથી ઇચ્છતો કે શનિની નજર મારી જાંબુ ઉપર પડે.

બુધ : રીંછભાઈ, તમારે ડરવાનું કારણ નથી. રાક્ષસકાકા બિચારા...પુત્રી ખોવાઈ જવાના કારણે દુ:ખી છે.

રીંછ : કુમાર, જાંબુ એ મારી પુત્રી નથી.

હાજી : તો કોની છે રીંછરાજ?

નાજી : તમે એને કેમ સંતાડી છે રીંછરાજ?

રીંછ : કુમાર, હાજી-નાજી, એ રાક્ષસરાજ શનિની પુત્રી છે.

બુધ : શું વાત કરો છો રીંછભાઈ? ખરેખર એ રાક્ષસકાકાની પુત્રી છે?

રીંછ : હા, કુમાર સાચું છે. આ શનિરાજે મને ખૂબ દુઃખ દીધું હતું એટલા માટે એમની પુત્રી હું ઉપાડી લાવ્યો હતો.

બુધ : બિચારા રાક્ષસકાકા, તમે એમની પુત્રી પાછી આપી દો.

રીંછ : હું એમને નહીં આપું કુમાર! હવે એ એમની પુત્રી નથી, પણ મારી જ છે.

[ત્યાં શનિ આવે છે.]

શનિ : બોલ બુધ, આ ત્રણે જણાનું શું કરવું છે? બોલાવું મારા સૈનિકોને?

અંગરક્ષક : ના, સૈનિકોને નહીં. અમને છોડાવનારને બોલાવો.

બુધ : રાક્ષસકાકા ! આ ત્રણમાંથી આ બંને મારા ભાઈઓ છે.

શનિ : ના હોય બુધ, ખરેખર તારા ભાઈઓ છે ?

બુધ : હા રાક્ષસકાકા, એ મને શોધવા આવ્યા હતા.

શનિ : તો તો એમને છોડી મૂકો. તમને કંઈ વાંધો છે, રીંછરાજ ?

રીંછ : ના, ના મને કશો વાંધો નથી.

શનિ : હાજી–નાજી છોડી મૂકો અને... આ દીકરી કોની છે ?

બુધ : રાક્ષસકાકા...

રીંછ : કુમાર...

બુધ : હવે, એવું તે કંઈ થાય રીંછભાઈ ?

શનિ : વાત શું છે કુમાર ?

બુધ : રાક્ષસકાકા, આ દીકરી બીજી કોઈની નહીં પરન્તુ તમારી જ છે. રીંછભાઈએ એને અહીં રાખી હતી.

શનિ : ના હોય કુમાર ! ખરેખર આ મારી પુત્રી છે ?

બુધ : તદ્દન સાચી વાત છે, વિશ્વાસ ના પડતો હોય તો પૂછો રીંછભાઈને.

રીંછ : સાચી વાત છે રાક્ષસરાજ. તમારી ઉપરના વેરના કારણે હું, એ જન્મી ત્યારે એને ઉપાડી લાવ્યો હતો, ત્યારથી એ મારી પાસે જ છે.

શનિ : આવ, બેટા આવ. આજ કેટલાં વરસો પછી તું મને મળી છે? આવ દીકરી, જો તારો બાપ...

જાંબુ : પિતાજી, પિતાજી...

બુધ : જોયું રીંછભાઈ, બંને પિતાપુત્રી કેવાં ખુશ થયાં? તમને ખુશી થતી નથી?

રીંછ : મને તો ખુશી જ છે ને કુમાર! રાક્ષસરાજ મને માફ કરી દેજો પરન્તુ એ વખતે હું વેરના ઝનુનમાં આંધળો હતો, તેથી તમારી પુત્રીને ઉપાડી લાવ્યો હતો.

શનિ : રીંછરાજ, મને ય માફ કરી દો. કેમ કે મેં પણ તમને દુઃખી કરવામાં બાકી નથી

રાખ્યું. મારી પુત્રી હોવા છતાં તમે એને આવડી મોટી કરી એ માટે...

રીંછ : એવું ના બોલશો રાક્ષસરાજ! મેં એને મારી પુત્રી ગણીને જ ઉછેરી છે. અને હજીય એ મારી જ પુત્રી છે.

બુધ : વાહ રીંછરાજ! તમે બંને મહાન છો. તમને બંનેને મારા પ્રણામ છે.

હાજી }
નાજી } : આજે તો રાક્ષસકાકા, પેલા સૈનિકોને બોલાવો, આપણે બધા નાચીશું.

શનિ : જરૂર, જરૂર, હાજી–નાજી. આજ તો સોનાનો દિવસ છે.

[ શનિ તાળી પાડે, સૈનિકો આવે,
બધા નાચેકૂદે, દૃશ્ય પૂરું થાય. ]

□

## દૃશ્ય : ૮

**સ્થળ : જંગલ**

[નગરજન-૧ અને ૨, એક વૃક્ષ આગળ બેસી જમીનની સાફસૂફી કરતા હોય છે.]

નગરજન-૧ : જંગલમાં આવ્યા તો છીએ પણ સાલું હજી બરાબર ફાવતું નથી.

નગરજન-૨ : ફાવે તો રહેવાનું, ના ફાવે તો જતા રહીશું, કેમ બરાબરને?

નગરજન-૧ : ના. જવું તો નથી જ. કેટલી બધી જમીન આપણને મફત મળશે? એ છોડીને જવાય?

નગરજન-૨ : ના ભઈ ના. હું તો નહીં ફાવે તો જતો રહીશ.

નગરજન-૧ : ગાંડો છે તું તો. જંગલના કારણે આપણે થોડાક સમયમાં અમીર થઈ જશું.

[ત્યાં સસલું આવે અને આ બંને વાતો કરતા હોય છે ત્યાંથી થોડેક દૂર જઈને બેસે.]

નગરજન-૨ : આપણે અમીર કેમ કરીને થઈશું?

નગરજન-૧ : અરે, તું જો તો ખરો. (સસલાને) એય સસલા અહીં શું કરે છે?

સસલું : બેઠું છું, બેઠું છું. માણસભાઈ, માણસભાઈ તમે તો અમારા પાડોશી કહેવાવ.

નગરજન-૨ : કેવું સરસ સસલું છે નહીં?

નગરજન-૧ : તું બોલીશ નહીં. આપણે એને પકડી, નગરમાં જઈ વેચી દઈશું.

નગરજન-૨ : પકડાશે ખરું?

નગરજન-૧ : અરે ના શું પકડાય? જો તો ખરો, હું કેવો ખેલ કરું છું એ. એય સસલા ચલ, ઉઠ અહીંથી.

સસલું : શું કામ માણસભાઈ? હું તો ગમે ત્યાં બેસું, ગમે ત્યાં ચરું, ગમે ત્યાં હરું, ગમે ત્યાં ફરું...

નગરજન-૧ : કેમ જંગલ તારા બાપનું છે?

સસલું : માણસભાઈ, માણસભાઈ, જંગલ આપણા બધાનું છે.

નગરજન-૧ : પણ તું જ્યાં બેઠું છે, એ જમીન મારી છે. એની ઉપર તું બેસી શકે નહીં, સમજ્યું ?

નગરજન-૨ : હા, હા. અમારા કુમારે અમને આ જમીન આપેલી છે.

સસલું : આપી હશે તમને. તેથી કંઈ થોડો તમારો હક આ જમીન પર લાગી જવાનો હતો ?

નગરજન-૧ : સાલું, ના ના પાછું મને પાઠ ભણાવવા આવ્યું છે. કહું છું હઠી જા, મારી જમીન ઉપરથી નહીંતર મારી નાખીશ.

સસલું : નહીં હઠું, જાવ. હું તો ગમે ત્યાં બેસીશ.

નગરજન-૧ : આજ તારી ખેર નથી.

[ એમ કહી સસલાને મારવા જાય, સસલું શરૂઆતમાં અહીંતહીં દોડે, છેવટે પકડાઈ જાય. નગરજન-૧ એને મારે, સસલું રડવા માંડે ત્યાં... ]

રીંછ : કેમ સસલા તું રડે છે ?

સસલું : આ લોકોએ મને માર્યું, મને માર્યું, મને માર્યું...

હાથી : તમે કેમ માર્યું આ સસલાને ?

નાજી : અહીં કોઈને મારવાનો નિયમ નથી.

નગરજન-૧ : એ મારી જમીન પર બેઠું હતું.

નગરજન-૨ : અમે એને ત્યાંથી હઠી જવા સમજાવ્યું, તોય એ ન સમજ્યું એટલે.

રીંછ : આ જંગલની જમીન તમારી ક્યાંથી થઈ ગઈ ?

હાજી : અહીં તો જે રહે એ બધાંની બધી જમીન છે.

નાજી : અહીં તમે આ રીતે લડવા-ઝઘડવા આવ્યા છો?

નગરજન-૧ : તમે કોણ છો અમને આ બધું કહેવાવાળા ?

નગનજન-૨ : અમને ગમશે એમ કરીશું. તમે અમારા કંઈ માલિક નથી.

રીંછ : તો પછી આ જંગલમાં રહી નહીં શકાય, સમજ્યા ? જાવ ચાલ્યા જાવ અહીંથી.

નગરજન-૧ : કેમ, જંગલ તમારા બાપનું છે ?

રીંછ : ના ભઈ ના. પણ જેમ અમારા બાપનું નથી તેમ તમારા બાપનું ય નથી.

હાજી : ચમત્કાર બતાવીશું, રીંછરાજ ?

નાજી : બતાવો, બતાવો.

નગરજન-૧ : ધમકી આપો છો એટલે ડરી નહીં જઈએ.

રીંછ : તો ચાલો હાજી—નાજી, ચમત્કાર બતાવી દઈએ.

[ ત્યાં બુધ આવે છે. ]

બુધ : શું છે રીંછભાઈ?

રીંછ : તમે લઈ આવ્યા છોને આ માણસોને ?

બુધ : પણ એનું શું છે ?

હાજી : એમને પાછા મોકલી દો.

નાજી : એ અહીં રહેવા લાયક નથી.

હાજી : એ અહીં રહેશે તો જંગલ જંગલ નહીં રહે.

નાજી : પરન્તુ વેરાન બની જશે. પાયમાલ થઈ જશે.

બુધ : પણ વાત શું છે એ તો કહો મને.

રીંછ : એમણે આ સસલાને માર્યું.

બુધ : કેમ ભાઈ, તેં આ સસલાને કેમ માર્યું ?

નગરજન-૧ : એ અમારી જમીન બગાડતું હતું, કુમાર!

બુધ : શું કહ્યું તમારી જમીન? તમે ક્યાંથી લાવ્યા

હતા, તમારી આ જમીન? તમને આમ બોલતાં શરમ નથી આવતી?

[ત્યાં વાંદરું, હરણ અને નગરજન–૩ આવે છે.]

વાંદરું : બુધકુમાર, બુધકુમાર, ન્યાય કરો, ન્યાય કરો.

બુધ : શું છે? તમારે વળી શું છે?

વાંદરું : તમારા આ માણસભાઈ, હરણને ફસાવી પકડી લેવા માગતા હતા. હરણને મારી એનાં શીંગડાં વેચવા એમને જવું હતું.

બુધ : સાચી વાત છે આ?

નગજરન–૩ : હા કુમાર, સાચું છે.

હરણ : એટલું જ નહીં કુમાર, એ રીંછરાજને મારી નાખવાની વાત કરતા હતા. મને તો મારી જ નાખત પણ સારું થયું કે વાંદરારાજ આવી ગયા ને હું બચી ગયું.

બુધ : તમે બધા, આ બધું શું કરી રહ્યા છો? આટલા માટે હું તમને અહીં લાવ્યો હતો? રીંછભાઈ, મને માફ કરી દો. રીંછભાઈ, મેં તમારો, આ જંગલનો ભયંકર અપરાધ

કર્યો છે. તમે જ્યારે માણુસ લાવવાનો વિરોધ કર્યો હતો ત્યારે મને ખબર ન હતી કે મારા જ નગરજનો આટલા નીચ હશે.

હાજી : રીંછરાજ, વનદેવીને યાદ કરીશું ?

બુધ : હાજી, વનદેવીને યાદ કરવાની જરૂર નથી. (નગરજનોને) નીકળી જાવ, તમે બધા નીકળી જાવ. હાલને હાલ આ જંગલમાંથી નીકળી જાવ. તમારો પડછાયો પણ આ જંગલ ઉપર પડવો ના જોઈએ, સમજ્યા ?

રીંછ : શાંત થાવ કુમાર, શાંત થાવ. એમાં તમારો દોષ નથી કુમાર. તેમ છતાં વનદેવીને તો બોલાવવાં જ પડશે. સસલા તું જા શનિરાજને બોલાવી લાવ.

સસલું : હું હમણાં બોલાવી લાવું છું રીંછરાજ.

રીંછ : ચાલો વનદેવી માની પ્રાર્થના કરો બધા.

બધાં : વનદેવી ઓ વનદેવી
ભીડ પડી છે અમને એવી
જલ્દી જલ્દી આવો દેવી

આવી અમને બતાવો કેડી
વનદેવી ઓ વનદેવી.

[ત્યાં વનદેવીના હસવાનો, શિયાળનો બોલવાનો અવાજ આવે. વનદેવી અને શનિરાજનો પ્રવેશ થાય.]

બધાં : વનદેવીની જય, વનદેવીની જય.

વનદેવી : બોલો મારાં બાળકો, મને કેમ યાદ કરી?

બધાં : અમારે ન્યાય જોઈએ છે,
અમારે ન્યાય જોઈએ છે.

બુધ : માતાજી, મને માફ કરી દો. હું ખૂબ શરમિંદો છું મા! મને એમ હતું કે મારા નગરના દુ:ખી માનવીઓને આ જંગલમાં લાવી, વસાવી, સુખી કરીશ. પણ હું હારી ગયો છું, મા.

વનદેવી : મને ખબર હતી કે દીકરા માણસ માટે જંગલ છે જ નહીં. કેમ કે એ જંગલને નગર બનાવવા પ્રયત્ન કરશે. પોતાના રીત-રીવાજથી જંગલને માપશે. પોતાના સ્વાર્થમાં અંધ બની જંગલને પણ છાંટા ઉડાડશે.

બુધ : મોડી મોડી આ વાત મને સમજાઈ છે મા.
મને માફ કરો મા.

વનદેવી : બેટા, તું તો આ જંગલનો પનોતો પુત્ર છે.
બેટા તારી હાર નથી આમાં. જો, તારા
પિતા આવી રહ્યા છે, તને શોધતા.

[ રાજાનો પ્રવેશ ]

મંગળસિંહ : ક્યાં છે મારો બુધ? ક્યાં છે મારો
કુમાર?

બુધ : હું અહીં છું પિતાજી. પિતાજી પ્રણામ.

વનદેવી : મહારાજ! આવો પુત્ર પામવા બદલ તમે
ભાગ્યશાળી છો.

મંગળસિંહ : વનદેવી મા! મને એમ હતું કે મારો
બુધ, ચાલાક નથી, પરાક્રમી નથી પણ
એવું નથી. ચાલ બેટા ચાલ, હું તને લેવા
આવ્યો છું.

બુધ : પિતાજી, હું કયા મોંઢે નગરમાં આવું?
પિતાજી હું હારી ગયો છું. હું આપણા
લોકોને જંગલમાં જમીન અપાવવામાં નિષ્ફળ

ગયો છું. માણસો જંગલમાં આવશે તો પિતાજી જંગલ મરી જશે. મારે જંગલને જીવાડવું છે, પિતાજી મારી નાખવું નથી.

મંગળસિંહ : બેટા, તારે જેટલી જમીન આપણા નગરજનોને આપવી હોય એટલી આપજે. મને કશો વાંધો નથી.

બુધ : ખરેખર પિતાજી, તમે બધાંને જમીન આપશો ?

મંગળસિંહ : હા બેટા, પણ તું પાછો ચાલ.

રીંછ : ના રાજાજી, કુમાર હવે નગરમાં નહીં આવે.

શનિ : હા મહારાજ, કુમાર અમારા છે.

બધાં : હા, હા. કુમાર અમારા છે, કુમાર આ જંગલના છે, નગરના નહીં.

હાજી : (સિક્કો ઉછાળી) બોલ નાજી, કુમાર નગરમાં જશે કે જંગલમાં રહેશે ?

નાજી : જંગલમાં.

હાજી : જંગલમાં.

બુધ : હા પિતાજી, હવે હું અહીં જ રહીશ. મને હવે અહીં જ ફાવશે.

દાજી :
નાજી :
બધાં : } કુમાર અમારા ઝીંદાબાદ છે, જંગલ જીવી જશે રે લોલ.

વનદેવી : મહારાજ, મારાં આ બધાં બાળકોની ઇચ્છા છે તો કુમારને અહીં જ રહેવા દો. ચાલો મારાં વહાલાં બાળકો આવજો.

બધાં : અમે રમતાં રહીશું રાજ,
કે જંગલ જીવી ગયું રે લોલ.
અમે ભમતાં રહીશું રાજ,
કે જંગલ જીવી ગયું રે લોલ.

[બધાં ગાતાં, નાચતાં હોય, ધીમે ધીમે પડદો પડે અને દૃશ્ય પૂરું થાય.]

卐